જય ગિરનારજી

ગિરનારમંડન શ્રીનેમિનાથાય નમઃ

સિદ્ધાંતમહોદધિ પરમપૂજ્ય આચાર્ય પ્રેમસૂરીશ્વરજી ગુરુભ્યો નમઃ

# ગિરનારભક્તિ ત્રિવેણી-સંગમ

(૧) નેમિભક્તામર (પ્રાચીન) મહાપૂજન

(૨) શ્રી ગિરનારજી મહાતીર્થ ૧૦૮ નામાભિષેક મહાપૂજન

(૩) શ્રી ગિરનારજી મહાતીર્થ મહિમા ગર્ભિત નવ્વાણું પ્રકારી પૂજા

**દિવ્યકૃપા**

સહસાવન તીર્થોદ્ધારક પ. પૂ. આ. હિમાંશુસૂરિ મ. સા., ન્યાયવિશારદ પ.પૂ. આ. ભુવનભાનુસૂરિ મ.સા.

યુગપ્રધાન આચાર્યસમ, શાસનપ્રભાવક ગુરુદેવશ્રી પ.પૂ.પં. ચન્દ્રશેખરવિજયજી ગણિવર્ય

**શુભાશિષ**

સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિશ્રી પ. પૂ. આ. જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ

**સંકલન**

શાસનપ્રભાવક પ.પૂ.પં. ચન્દ્રશેખરવિજયજી ગણિવર્યના શિષ્ય પંન્યાસ ધર્મરક્ષિતવિજયજી ગણિવર્યના શિષ્ય પંન્યાસ હેમવલ્લભવિજયજી ગણિવર્ય

**પ્રકાશન : ગિરનાર મહાતીર્થવિકાસ સમિતિ**

હેમાભાઈનો વંડો, ઉપરકોટ રોડ, જગમાલ ચોક, જુનાગઢ - ૩૬૨૦૦૧ - ફો. (૦૨૮૫) ૨૬૨૨૯૨૪, મો. ૯૪૨૯૧૫૯૮૦૨

Email : girnarbhakti@gmail.com

Website : www.girnarbhakti.com / www.girnarmahatirth.org / www.girnarjaintirth.com

જય નેમિનાથજી

જય ગિરનારજી

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૪
પ્રત : ૧૦૦૦ નકલ
મૂલ્ય : ગિરનાર મહાતીર્થ તથા પરમાત્માભક્તિ

**મુદ્રક / પ્રાપ્તિસ્થાન :**

- **નવભારત સાહિત્ય મંદિર**
  મહાવીર સ્વામી દેરાસર પાસે,
  ગાંધી રોડ, અમદાવાદ-૧
  ફોન : (૦૭૯) ૨૨૧૩૯૨૫૩, ૨૨૧૩૨૯૨૧

- **શ્રી ગિરનાર મહાતીર્થ વિકાસ સમિતિ**
  હેમાભાઈનો વંડો, ઉપરકોટ રોડ,
  જગમાલ ચોક, જૂનાગઢ-૩૬૨૦૦૧
  ફોન : (૦૨૮૫) ૨૬૨૨૯૨૪, ૨૬૫૭૧૯૯

- **સમકિત ગ્રુપ**
  જૈન દેરાસર, જવાહરનગર,
  ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ
  ફોન : ૦૯૮૨૦૧૨૧૧૯૫ / ૦૨૨-૨૮૩૭૦૬૨

- **અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ**
  સુભાષચોક, ગોપીપુરા, સુરત
  ફોન : (૦૨૬૧) ૨૫૯૯૩૩૭

- **મહેતા ડેરી**
  તળેટી રોડ, પાલીતાણા
  ફોન : (૦૨૮૪૮) ૨૫૨૨૩૨

- **વર્ધમાન સંસ્કારધામ**
  ભવાનીકૃપા બિલ્ડીંગ, ૧લે માળ,
  ૧૧૨, જગન્નાથ શંકર શેઠ રોડ,
  ગિરગામ ચર્ચ પાસે, મુંબઈ-૪૦૦૦૦૪
  ફોન : (૦૨૨) ૨૩૬૭૦૯૭૪

જય નેમિનાથજી

જ ય ગિ ર ના ર જી

શ્રી ગિરનારજી મહાતીર્થના મહોત્કર્ષના

સ્વપ્નદૃષ્ટા

સહસાવન તીર્થોદ્ધારક, તપસ્વી સમ્રાટ

સ્વ. પ.પૂ.આ. હિમાંશુસૂરીશ્વરજી મહારાજા

તથા

યુગપ્રધાન આચાર્યસમ, શાસનપ્રભાવક

સ્વ. પ.પૂ.પં. ચન્દ્રશેખર વિજયજી ગણિવર્યના

સ્મરણપૂર્વક

સુવિશાલ ગચ્છાધિપતિ, સિદ્ધાંત દિવાકર

પ.પૂ.આ. જયઘોષસૂરીશ્વરજી મહારાજાના

કરકમલમાં

સાદર અર્પણ...

જ ય ને મિ ના થ જી

## પ્રકાશકીય

**જગમાં તીરથ દો વડાં, શત્રુંજય ગિરનાર;**

**એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર.**

આજે લગભગ સમગ્ર જૈન શ્વેતામ્બર સમાજ શત્રુંજય ગિરિરાજના મહિમાથી સુપરિચિત છે, જ્યારે બાવીસમા તીર્થંકર બાળબ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાન ઉપરાંત અનંતા તીર્થંકર પરમાત્માના દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણકથી પાવન મહામહિમાવંત શ્રી ગિરનારજી મહાતીર્થના માહાત્મ્યથી બહુધા જૈન સમાજ અજ્ઞાત છે.

**યુગપ્રધાન આચાર્યસમ પ.પૂ.પં. ચન્દ્રશેખર વિજયજી ગણિવર્યની** આ ગિરનારજી મહાતીર્થના ઉત્કર્ષની ભાવના અને આજ્ઞાનુસાર તેઓશ્રીના શિષ્ય-પ્રશિષ્ય **પ.પૂ. મુનિરાજ ધર્મરક્ષિત વિજયજી** તથા **પ.પૂ. મુનિરાજ હેમવલ્લભ વિજયજી મહારાજ સાહેબ** આદિ ઠાણાએ **સિદ્ધાંત દિવાકર, સુવિશાલ ગચ્છાધિપતિશ્રી પ.પૂ.આ. જયઘોષસૂરીશ્વરજી મહારાજાના** અંતરના આશિષ ગ્રહણ કરી આ મહાતીર્થના ઉત્કર્ષાર્થે ગિરનાર તરફ પ્રયાણ કર્યું. છેલ્લા પાંચ-પાંચ વર્ષથી આ તીર્થભૂમિની ગોદમાં સ્થિરતા દરમ્યાન અથાગ પુરુષાર્થના ફળસ્વરૂપે આજે સમસ્ત જૈનબંધુઓના ઘર-ઘર અને ઘટ-ઘટ સુધી આ ગિરનારજી મહાતીર્થના મહિમાની અનેકવિધ વાતો પ્રસરવા લાગી છે.

આ ગિરનાર-નેમિનાથની વિવિધ વાતો સમગ્ર જૈન શ્વેતામ્બર સમાજના જનસમુદાયના કર્ણ અને હૃદયપર્યંત ગુંજતી રહે તેવા શુભાશયથી **પ.પૂ.પં. હેમવલ્લભ વિજયજી મહારાજ સાહેબે** મહાપૂજન અને પૂજાની રચના દ્વારા આ ત્રણેય પરમાત્માભક્તિના અનુષ્ઠાનોનું સંકલન કરેલ છે.

**પંડિતવર્ય ધનંજયભાઈ જૈન** તથા શતાધિક સિદ્ધચક્ર મહાપૂજન ભણાવનાર જૂનાગઢના **સુશ્રાવક દીનેશભાઈ શેઠના** સલાહ-સૂચન મુજબના સુધારાવધારા સાથે તૈયાર થયેલ આ પ્રતનું પ્રકાશન થઈ રહ્યું છે તે અવસરે જગપ્રસિદ્ધ,

મહામહિમાવંત શ્રી ગિરનારજી મહાતીર્થના માહાત્મ્યની વાતો સૌના ઘટ-ઘટ સુધી પહોંચે તે માટે જિનશાસનના સંયમધર સાધુ-સાધ્વીજી ભગવંતો, સુશ્રાવક-સુશ્રાવિકાવર્ગ તથા વિધિકાર અને સંગીતકાર પુણ્યાત્માઓને નમ્ર નિવેદન કે **દર વર્ષે શ્રાવણ સુદ ૪-૫-૬ના નેમિપ્રભુના કલ્યાણકના અટ્ઠમ** અવસરે અથવા અન્ય કોઈ યોગ્ય અવસરે આ મહાપૂજન-પૂજા વિવિધ સંઘોમાં ભણાવાય તે માટે પ્રેરણા કરી આ પ્રાયઃ શાશ્વત મહાતીર્થની ભક્તિનો અવસર ચૂકશો નહીં.

પ્રાન્તે સુજ્ઞજનો આ પ્રકાશનમાં રહી ગયેલ ક્ષતિઓ તરફ અંગુલીદર્શન કરશે તો આનંદ થશે.

જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે ક્ષમા ચાહીએ છીએ.

લિ. ગિરનાર મહાતીર્થવિકાસ સમિતિ

જૂનાગઢ

જ ય ગિ ર ના ર જી

॥ ૐ હ્રીઁ શ્રીઁ અર્હં નમઃ ॥

॥ ૐ હ્રીઁ અર્હં શ્રી ધરણેન્દ્ર-પદ્માવતીપરિપૂજિતાય શ્રી શંખેશ્વર-પાર્શ્વનાથાય નમઃ ॥

॥ ૐ હ્રીઁ અર્હં શ્રી ગોમેધયક્ષ-અંબિકાપરિપૂજિતાય શ્રી નેમિનાથ-જિનેન્દ્રાય નમઃ ॥

## પ્રસ્તાવના

महातीर्थमिदं तेन, सर्वपापहरं स्मृतम् ।
शत्रुञ्जयगिरेरस्य, वन्दने सदृशं फलम् ॥
विधिनास्य सुतीर्थस्य, सिद्धान्तोक्त-भावतः ।
एकशोऽपि कृता यात्रा, दत्ते मुक्तिं भवान्तरात् ॥

(શ્રીવસ્તુપાળચરિત્ર – પ્રસ્તાવ-૫, શ્લોક ૮૦/૮૧)

શ્રીવસ્તુપાળચરિત્રમાં ગ્રંથકાર મહર્ષિ ફરમાવે છે કે ગિરનાર ગિરિવરનો મહિમા અપરંપાર છે. માટે જ આ મહાતીર્થને 'સર્વપાપહર' જેવું સાર્થક વિશેષણ સંપ્રાપ્ત થયું છે. શ્રી શત્રુંજય ગિરિરાજ અને શ્રી ગિરનાર ગિરિવરને વંદન કરવામાં બંનેનું એકસરખું ફળ કહેવામાં આવ્યું છે.

આ શ્રી ગિરનાર મહાતીર્થની સિદ્ધાન્ત (શાસ્ત્ર)માં જણાવ્યા અનુસાર ભાવપૂર્વક એક પણ યાત્રા કરવામાં આવે તો તે પુણ્યાત્મા ભવાંતરમાં મુક્તિપદને પામનારો બને છે.

**શ્રી ગિરનાર મહાતીર્થ** એટલે...

ત્રિભુવનપતિ, પરમ તારક, બાળ બ્રહ્મચારી, આજન્મ-વૈરાગ્ય રસોદધિનિમગ્ન, બાવીસમા **તીર્થાધિપતિ શ્રી નેમિનાથ પરમાત્મા**ના દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ – ત્રણ ત્રણ કલ્યાણકોની પરમ પાવનભૂમિ !

જ ય ને મિ ના થ જી

**શ્રી ગિરનાર મહાતીર્થ એટલે...**

શ્રી સિદ્ધાચલ ગિરિરાજની પાંચમી સુવર્ણ-ટૂંક !

**શ્રી ગિરનાર મહાતીર્થ એટલે...**

જ્યાં અનંતા તીર્થંકરદેવોના દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણકો થયા છે, તેવી ચાર્જડ્ ફિલ્ડ ભૂમિ !

**શ્રી ગિરનાર મહાતીર્થ એટલે...**

ભાવિ ચોવીસીના સર્વ તીર્થંકરદેવોની શિવસુંદરી-વિવાહોત્સવની પુણ્યભૂમિ બનવાનું સૌભાગ્ય જેના લલાટે લખાયું છે, તેવી ધન્ય ધરા !

**શ્રી ગિરનાર મહાતીર્થ એટલે...**

નિજગૃહમાં બેસીને પણ તીર્થનું ધ્યાન ધરનારા પુણ્યાત્માને, પ્રબળ શુભ ભાવના પ્રતાપે ચોથે ભવે શિવરમણીના સ્વામીનાથ બનવાનું સૌભાગ્ય બક્ષનાર મહાન તીર્થ !

આવા જન-મન-પાવન મહાતીર્થના અધિનાયક તરીકે વિરાજમાન છે... વર્તમાન વિશ્વની સૌથી પ્રાચીન પ્રતિમા (હા... પરમ તારક શ્રી શંખેશ્વર-પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા કરતાં પણ વધુ પ્રાચીન) સ્વરૂપે **બાળ બ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાન !**

દિવ્યાતિદિવ્ય આત્મસૌંદર્યથી છલકતાં-મલકતાં **શ્રીનેમિજિનેશ્વર** અવર્ણ્ય બાહ્યાભ્યન્તર સૌંદર્યના સમંદર-સમા **શ્રીરાજીમતીને** છોડી-છાંડીને, તોરણ સુધી આવીને રથને પાછો વાળી ગયા. સંસાર પ્રત્યે સર્વથા અનાસક્ત નેમિનિરંજનનાથ, હવે માત્ર-ને-માત્ર મુક્તિસુંદરીને વરવાની શેષ-ઝંખનાના સ્વામી બન્યા હતા. પ્રભુએ જ્ઞાન-બળથી જાણી લીધું હતું કે, “હવે મારા ભોગાવલિ કર્મ ક્ષીણ થયા છે. પશુઓના વાડા સુધી આવવા જેટલા જ, તે કર્મો હતા.” અને માટે જ, પશુ-પોકારને નિમિત્ત બનાવીને પ્રભુ લગ્ન-મંડપના દ્વાર પાસે આવીને પાછા ફર્યા...

જય ગિરનારજી

આ ઘટનાથી આઠ-આઠ ભવોની અનર્ગળ પ્રીતિથી ઓળઘોળ બનેલા રાજીમતી વિરહાકુળ બન્યા. આંખોમાંથી અનરાધાર અશ્રુધાર વહી રહી. પ્રિયતમ પ્રભુ નેમિને જાત-જાતના ઉપાલંભો આપીને પોતાની વેદનાને રાજુલે વ્યક્ત કરી.

આ ક્ષણોના મનોહારી મનોભાવોને અદ્‌ભુત સંસ્કૃત-શ્લોકોમાં નિબદ્ધ કર્યા છે : પૂજ્યપાદ **આચાર્ય ભગવંત શ્રી ભાવપ્રભસૂરીશ્વરજી મહારાજાએ.** આવા ૪૪ શ્લોકોની રચના એટલે **શ્રીનેમિ-ભક્તામર મહાકાવ્ય.**

આ મહાકાવ્યની વિશેષતા એ છે કે શ્રી આદિનાથ-જિનેશ્વરના ભક્તિકાવ્ય રૂપે સુપ્રસિદ્ધ શ્રી ભક્તામર સ્તોત્રના પ્રત્યેક શ્લોકના અંતિમ-ચરણને, ચતુર્થ ચરણ રૂપે યથાવત્ રાખીને, પૂર્વના ત્રણ ચરણોની નવ્ય-ભવ્ય રચના શ્લોકકાર મહર્ષિએ શ્રીનેમિપ્રભુ અને રાજીમતીના અધિકારને આશ્રયીને કરી છે.

અદ્‌ભુત છે... આ શ્લોકોની રચના !

અનુપમ છે... એમાં રાજીમતીના પ્રભુનેમિનાથ પ્રત્યેના આંતર સ્નેહ-પરિપૂર્ણ ઉદ્‌ગાર !

અતિ મનોહર છે... એમાં શ્રીનેમિપ્રભુનું અનુપમ આત્મ-સૌંદર્ય અને દિવ્ય મહિમાનું અદ્‌ભુત ગાન.

• • •

શ્રીનેમિ-ભક્તામર મહાકાવ્યના દર્શન-વાચન-મનનથી એક મહાત્માનું હૃદય આનંદથી ઝૂમી ઊઠ્યું.

મનમાં પ્રગટ્યા મનોરથ... 'આ મહાકાવ્યને આશ્રયીને એક અતિ સુંદર પૂજનનું સંકલન કરાય તો કેવું સુંદર !' અને એ મનોરથને તેમણે દેવ-ગુરુની કૃપાથી શીઘ્ર સફળ પણ કરી દીધો.

એ મહાત્માનું મંગળકારી નામ એટલે પૂજ્ય **પંન્યાસપ્રવર શ્રી હેમવલ્લભવિજયજી મહારાજ !**

- જેઓ... પૂજ્યપાદ, સુવિશુદ્ધસંયમમૂર્તિ, મહાન તપસ્વી, શ્રી ગિરનાર તીર્થના પરમ ભક્ત, નખશિખ-પાવિત્ર્યમૂર્તિ **સ્વ. આચાર્ય ભગવંત શ્રીમદ્ હિમાંશુસૂરીશ્વરજી** મહારાજાના અંતિમ ૧૩ વર્ષ સુધીના અપૂર્વ વેયાવચ્ચકર છે.

જય નેમિનાથજી

જય ગિરનારજી

જય નેમિનાથજી

- જેઓ... પૂજ્યપાદ, જિનશાસનના મહાન મશાલચી, યુવાપ્રબોધકુશળ, મહાન શાસન પ્રભાવક, સ્વ. પંન્યાસપ્રવર **શ્રીમદ્ ચન્દ્રશેખરવિજયજી** મહારાજાના શિષ્યરત્ન સળંગ આઠ વર્ષથી આયંબીલ-વ્રતના આરાધક, પૂ. પંન્યાસપ્રવર **શ્રી ધર્મરક્ષિત વિજયજી** મહારાજના શિષ્યરત્ન છે.
- જેઓ સ્વયં પણ આયંબીલ-વ્રતના અનોખા આરાધક છે. વર્ધમાન તપનો પાયો નાખીને ૧૦૦ ઓળી + ૮૨ ઓળી પૂર્ણ કરીને, આજે કુલ ૧૭ વર્ષથી નિરંતર આયંબીલ-વ્રતના સાધક બન્યા છે. આયંબીલની સાથે સાથે જેઓ સતત ગિરનાર તીર્થના વિકાસ કાજે અવિરત દિવસ-રાત પુરુષાર્થ-રત છે.

પૂ. **પં.શ્રી હેમવલ્લભવિજયજી** મહારાજે, આ ગ્રંથરત્નમાં ત્રણ ગ્રંથો સંકલિત કર્યા છે : (૧) **શ્રી નેમિ-ભક્તામર મહાપૂજન**, (૨) **શ્રી ગિરનાર તીર્થના ૧૦૮ નામાભિષેકનું મહાપૂજન** અને (૩) **શ્રી ગિરનાર તીર્થના મહિમાથી ગર્ભિત નવ્વાણું પ્રકારી પૂજા.**

શ્રી ગિરનાર તીર્થના ૧૦૮ નામાભિષેક અંતર્ગત તે તે નામોના અર્થને સાંકળનારા ગુર્જરગિરામાં ગૂંફિત દુહાઓની રચના તથા શ્રી ગિરનાર મહાતીર્થના મહિમાથી ગર્ભિત શ્રી ૯૯ પ્રકારી પૂજાઓની રચના પણ **પૂ. પં. શ્રી હેમવલ્લભવિજયજી** મહારાજે સ્વયં કરી છે, જે તેમની કવિત્વ શક્તિની અને વિશેષતઃ શ્રી ગિરનાર-તીર્થ-ભક્તિની દ્યોતક છે.

શ્રી ગિરનાર-તીર્થ-મહિમા-ગર્ભિત ૯૯ પ્રકારી પૂજામાં કુલ અગિયાર પૂજાઓ રચાઈ છે. તમામ પૂજાઓમાં શ્રી ગિરનાર-ગિરિવરના કુલ ૧૦૮ નામોમાંથી ૯-૯ નામોનો સુંદર રીતે ઉલ્લેખ કરાયો છે. આ પૂજાઓની રચના પ્રાચીન-અર્વાચીન પૂજાઓ અને સ્તવનોના પ્રસિદ્ધ રાગોમાં એવી મનમોહક રીતે કરાઈ છે કે સમૂહમાં ગાવા-ગવડાવવાથી અપૂર્વ ભાવોલ્લાસવૃદ્ધિ થવા પામે છે. પૂજાઓમાં ગિરનાર તીર્થના મહિમાનું અને વિધવિધ નામો તથા પ્રમાણનું વર્ણન શાસ્ત્રાધારિત અને હૃદયંગમ રીતે કરવામાં આવ્યું છે.

આપણા વર્તમાનકાલીન શ્રીસંઘોમાં સંગીતકારો દ્વારા અને મહિલા-મંડળો દ્વારા આ પૂજાઓનું ગાન વ્યાપક બનશે, તો શ્રી ગિરનાર તીર્થ અને પરમ તારક શ્રી નેમિનાથપ્રભુ પ્રત્યેની ભક્તિમાં ગુલતાન થવાનું સૌભાગ્ય આપણે સહુ પામી શકીશું.

શ્રી ગિરનાર તીર્થ-મહિમા-ગર્ભિત આ પૂજાઓની સીડી પણ પ્રગટ કરવામાં આવી છે, જેમાં અગિયારેય પૂજાઓ જુદા જુદા સુપ્રસિદ્ધ સંગીતકારોના મુખે કર્ણપ્રિય સુમધુર સંગીત સહિત રજૂ કરવામાં આવી હોવાથી ભાવવર્ધક અને ભક્તિપ્રેરક બની શકે તેમ છે.

પૂજ્ય મહારાજશ્રીના હૃદયમાં નિરંતર સદ્‌ભાવનો એ સમંદર વાંભ વાંભ ઉછળી રહ્યો છે કે, "મારા મહાન તીર્થાધિરાજ શ્રી ગિરનાર તીર્થનો મહિમા અને પ્રભાવ શ્રી સિદ્ધાચલ ગિરિરાજની જેમ દિનાનુદિન વૃદ્ધિગત બનતો રહે." અને તે માટે જ તેઓ ચોવીસે કલાક અને એની પ્રત્યેક પળોમાં પ્રવૃત્ત અને દત્તચિત્ત રહે છે.

• • •

વિ.સં. ૨૦૬૮ની સાલનું ચાતુર્માસ.

પૂજ્ય મહામેધાવી અને સ્વભાવ-સૌંદર્યના સ્વામી આચાર્ય **શ્રી વિજય મુક્તિવલ્લભસૂરીશ્વરજી** મ.સા. તરફથી એક મંગળ-પળે ફોન આવ્યો : "ધનંજયભાઈ ! આ વર્ષે શ્રીગિરનાર તીર્થમાં સા.શ્રી ઉજ્જ્વલધર્માશ્રીજી મ.ની શિષ્યાઓને ન્યાય અને આગમનું અધ્યાપન કરાવવા જાઓ તો ઘણો લાભ થશે."

પૂજ્ય આચાર્યશ્રી સાથેના મારા મધુરતમ સંબંધોને નિહાળતાં ના પાડવાને કોઈ અવકાશ જ ન હતો અને મને અનુકૂળતા પણ હતી જ.

લગભગ ૩ા મહિના જેટલો સમય શ્રીગિરનારની ગરવી ગોદમાં રહેવાનું સૌભાગ્ય મળ્યું.

નિશ્રાદાતા હતા : મારા મહાન ઉપકારી અને આત્મસખા-સમા, મહાતપસ્વી પૂજ્યપાદ (હવે સ્વર્ગસ્થ) **પંન્યાસપ્રવરશ્રી યશોભૂષણવિજયજી** મહારાજ. તેમની નિશ્રામાં વિરાજિત હતા : પૂ. મહાતપસ્વી ગુરુ-શિષ્ય બેલડી : **પૂ.પં. શ્રી ધર્મરક્ષિતવિજયજી** મ.સા. અને **પૂ. પં.શ્રી હેમવલ્લભવિજયજી** મ.સા. તથા તેમનો શિષ્યગણ. ઉપરાંત પૂ. સંયમશીલા સાધ્વીવર્યા **શ્રી ઉજ્જ્વલધર્માશ્રીજી** આદિ ૨૦ ઠાણા !

સાડા ત્રણ મહિનાનો આ સમયગાળો મારા માટે "ગોલ્ડન-પિરિયડ" હતો. આટલા સમયમાં સંયમી અને તપસ્વી સાધ્વીજી ભગવંતોને ન્યાયસિદ્ધાંતમુક્તાવલિ (સંપૂર્ણ), દશ વૈકાલિક આગમ (હરિભદ્રીટીકા-૪-અધ્યયન) સામાચારી-પ્રકરણ (સંપૂર્ણ) અને ઉપદેશ-રહસ્ય (એક મુનિવરશ્રીને... (અપૂર્ણ)) ભણાવવાનો અને એ દ્વારા નિજાત્માને સ્વાધ્યાય-સરિતામાં ડૂબાડવાનો સુઅવસર સાંપડ્યો.

મારા માટે સૌથી શ્રેષ્ઠ ઉપલબ્ધિ એ હતી... વિદ્યાર્થી મહાત્માઓની શ્રેષ્ઠ સંયમશીલતા... સાથે સાથે અધ્યયન પ્રત્યેની ધગશ, લગન, વિનયશીલતા અને તપ-સંયમના સુપુષ્પોથી સુવાસિત અધ્યયન-પ્રતિબદ્ધતા ! આ બધાથી હું અતિપ્રસન્ન થયો.

સૌથી શ્રેષ્ઠ પ્રભાવિત બન્યો... પૂજ્યપાદ પરમસંયમી, ૧૭-૧૭ વર્ષથી લગાતાર આયંબીલ-વ્રતના આશિક અને આરાધક મુનિરાજશ્રી (હવે પંન્યાસપ્રવર) **હેમવલ્લભવિજયજી** મહારાજથી...! અણાહારી-પદના સોપાન સમી આયંબીલની માત્ર આરાધના જ નહિ, અનર્ગળ-પ્રીતિ ! નિર્દોષ આહારચર્યા અને નિર્મળ-સંયમચર્યા ! પ્રશાંત નિર્મળ ગંગાના નીર-પ્રવાહ સમી સ્વભાવ સુંદરતા ! શ્રી ગિરનાર તીર્થ પ્રત્યે અદ્‌ભુત અને અનરાધાર પ્રીતિ ! સ્વ. ગુરુદેવો (૧) પૂ.પાદ **આ.શ્રી હિમાંશુસૂરિ-દાદા** પ્રત્યે (૨) પૂ.પાદ **ગુરુદેવ શ્રી ચન્દ્રશેખરવિજયજી** મ. પ્રત્યે (૩) પૂ.પાદ **ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરિજી** મહારાજ પ્રત્યે અને (૪) પૂ.પાદ **સ્વગુરુવર શ્રી ધર્મરક્ષિતવિજયજી** મ. પ્રત્યે પૂર્ણ સમર્પણયુક્ત વફાદારી !

મુનિરાજશ્રીના આ બધા ગુણોને જોતાં હૈયું પોકારી ઉઠતું... "સાધુ હો તો આવા !"

**પં.શ્રી હેમવલ્લભવિજયજી** મહારાજની તીર્થભક્તિનો અને આયંબીલની અખંડ આરાધનાનો જ એ અવિહડ પ્રતાપ છે કે... પાંચ વર્ષ પહેલાં ગિરનાર તીર્થમાં વાર્ષિક પાંચ-સાત હજાર યાત્રિકો આવતા હતા, એ આંકડો આજે લગભગ અઢી લાખ ઉપર પહોંચી ચૂક્યો છે.

તીર્થોત્કર્ષ ખાતર પ્રાણની પરવા કર્યા વગર અને લોકૈષણાથી લાખો જોજન દૂર રહીને શ્રીગિરનારની ગોદમાં અડિંગો જમાવીને બેસી જનારા ગુરુ-શિષ્યની જોડલી : **પૂ.પં. શ્રી ધર્મરક્ષિતવિજયજી** મહારાજને અને **પૂ.પં.શ્રી હેમવલ્લભવિજયજી** મહારાજને ક્રોડો ક્રોડો વંદન ! તેમના સમર્પિત-સુવિનીત શિષ્યગણને પણ ક્રોડો ક્રોડો પ્રણામ... તેમના સર્વ સત્કાર્યમાં સહાયક બનવા બદલ !

જય ગિરનારજી

આ ગ્રંથરત્નની 'પ્રસ્તાવના' લખવાનો મોકો આપીને મારા ઉપર ઉપકાર કરનારા **પૂ. શ્રી હેમવલ્લભવિજયજી મ.**ને આ નિમિત્તે વધુ એક વાર ભાવવંદન !

પ્રાન્તે... પૂજ્યશ્રીજીની ઈચ્છા મુજબ પૂજ્ય સાધુ-સાધ્વી ગણને અને વિશેષતઃ વિધિકારોને વિનંતી કે આ પ્રતમાં **પ્રસ્તુત કરેલ ત્રણેય અનુષ્ઠાનો ચાતુર્માસ દરમ્યાન શ્રાવણ માસમાં નેમિપ્રભુના કલ્યાણક અવસરના અઠ્ઠમ દરમ્યાન** અથવા તો વર્ષમાં અન્ય કોઈપણ અવસરે ભણાવી કે ભણાવડાવીને શ્રીગિરનાર તીર્થ પ્રત્યેની ભક્તિ, ચતુર્વિધ સંઘમાં પ્રવર્ધમાન બને તેવા પ્રયત્નો આદરે.

જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્ –

– પંડિતવર્યશ્રી ધનંજયભાઈ જે. જૈન "પ્રેમકેતુ"
(મો. ૦૯૨૭૬૮૨૩૪૮૮)

**વિષયાનુક્રમ**

૧. નેમિભક્તામર મહાપૂજન ---------- પાના નં. ૧૩
- પૂર્વતૈયારી ---------- પાના નં. ૧૩થી ૪૧
- નેમિભક્તામરના રચયિતાનો પરિચય ---------- પાના નં. ૪૨
- નેમિભક્તામરના સર્જનની પૂર્વભૂમિકા ---------- પાના નં. ૪૩થી ૪૫
- પૂર્ણાહૂતિ વિધિ ---------- પાના નં. ૧૦૭થી ૧૨૨

૨. ગિરનારજી મહાતીર્થ ૧૦૮ નામાભિષેક મહાપૂજન ---------- પાના નં. ૧૨૭થી ૧૫૯

૩. ગિરનારજી મહાતીર્થ મહિમા ગર્ભિત શ્રી નવ્વાણુ પ્રકારી પૂજા ---------- પાના નં. ૧૬૦થી ૨૦૩
- ગિરનાર ૯૯ યાત્રા વિધિ ---------- પાના નં. ૨૦૪થી ૨૦૬

જય નેમિનાથજી

# ॥ નેમિભક્તામર મહાપૂજન ॥

❑ **પૂર્વ તૈયારી...**

(૧) પૂજનના આગળના દિવસે અથવા વહેલી સવારે માંડલું બનાવવું.

(૨) પૂજનની તમામ સામગ્રી જોઈ લેવી અને ખૂટતી વસ્તુઓ મંગાવવી.

(૩) માંડલું બનાવવાની જગ્યા સાફ કરાવી ગૌમૂત્ર (શુદ્ધ આહારાદિ ગ્રહણકરતી ગાયનું લાવવું) - ગુલાબજળ તથા સુવર્ણજળથી શુદ્ધિ કરવી.

(૪) ૧ વાટકો કેસર તથા ૩ વાટકી (નાની) બરાસ પહેલેથી ઘસાવવું.

(૫) માંડલાની બંને બાજુ પાટલા ગોઠવી માંડલામાં પધરાવવાનાં દ્રવ્ય અલગ અલગ થાળીઓમાં વલય અનુસાર તૈયાર કરી પાટલા પર સ્થાપન કરવા.

(૬) સિંહાસન સામે મોટી પાટ મૂકી લાલ કપડું પાથરી તેના ઉપર ફળ, નૈવેદ્ય આદિ અન્ય સામગ્રી વ્યવસ્થિત ગોઠવી તૈયાર કરવી.

(૭) સિંહાસન પાસે સ્નાત્રપૂજા માટેની સંપૂર્ણ તૈયારી કરવી. (ચામર, દર્પણ, પંખો, થાળી-ડંકો, ધૂપ-દીપક આદિ...)

(૮) માંડલાની સામે યંત્ર(પટ) માટે ચોરસ બાજોઠ મૂકી બાજોઠ નીચે ચોખાથી સાથિયો કરી શ્રીફળ, સોપારી, બદામ, સવા રૂપિયો મૂકવો.

(૯) બાજોઠ પર નાળચાવાળો થાળ મૂકી કેસરથી સાથિયો કરી, સવારૂપિયો, ચોખા, સોપારી, બદામ મૂકી યંત્ર(પટ) પધરાવવું.

(૧૦) યંત્ર(પટ) અને મૂર્તિ પાસે પૂજાની સામગ્રી તૈયાર રાખવી. દા.ત. કેસર, બરાસ, મોટીથાળી ભરીને કુસુમાંજલી, નાડાછડી બાંધેલા કળશો, પૂજાની થાળી, વાટકી, પુષ્પો, અડધીબાલ્દી પંચામૃત, એકબાલ્દી શુદ્ધપાણી, અંગલૂંછણા, પાટલૂંછણા, નેપકીન, ધૂપ, દીપક, માચિસ, કુંડી વગેરે....

(૧૧) યંત્ર(પટ) સામે ૩-૪ કટાસણા પાથરવા.

(૧૨) ૪ દેરી પાસે તેમાં પધરાવવાના દ્રવ્યની થાળી મૂકવી.

(૧૩) સિંહાસન અને યંત્ર(પટ) પાસે ધૂપ-દીપક અખંડ ચાલુ રાખવા.

(૧૪) વિધિકારકે જ્યાં બેસવાનું હોય ત્યાં ૧ થાળીમાં રક્ષાપોટલી, મીંઢળ, વાસક્ષેપ તૈયાર રાખવા, થાળી ડંકો તૈયાર રાખવો.

(૧૫) ભૂમિશુદ્ધિ માટે એક કળશમાં સુગંધિત સુવર્ણજળ તથા પુષ્પ અને એક વાટકીમાં કેસર તથા પુષ્પ તૈયાર રાખવા.

(૧૬) શાંતિકળશની સંપૂર્ણ તૈયારી કરવી. દા.ત. અષ્ટમંગલનો ઘડો, સોપારી, બદામ, સવારૂપિયો, ચોખા, કળશો, નાડાછડી, નાગરવેલના ૫ પાન, શ્રીફળ, લીલું કપડું, વરખ, કેસર, બાદલું, પુષ્પમાળા આદિ.

(૧૭) ૧૦૮ દીપકની આરતિ-મંગલદીવો અને કપૂર તૈયાર રાખવા.

(૧૮) બે થાળીમાં કોરા ચોખા વધાવવા માટે રાખવા.

(૧૯) પૂજનાર્થીનાં હાથમાં મીંઢળ અથવા નાડાછડી બંધાવવી.

(૨૦) પરમાત્માની દૃષ્ટિ ન પડે ત્યાં તિલકની (બાદલા સાથે) તથા મુગટ-માળા પહેરવાની વ્યવસ્થા કરવી.

(૨૧) પૂજનાર્થીને હાથ ધોઈ ધૂપી પછી જ પૂજન કરાવવું.

# ॥ નેમિ ભક્તામર મહાપૂજન ॥

❑ **પૂર્વવિધિ :**

- ક્ષેત્રના અધિષ્ઠાયક દેવ-દેવીને શ્રીફળ અર્પણ કરી મહાપૂજનની નિર્વિઘ્ન સમાપ્તિ માટે વિનંતિ કરવી.
- નીચે લખેલાં મંત્ર બોલતા - બોલતા સર્વ સામગ્રી ઉપર વાસક્ષેપ કરવો.
- **પંચામૃત અને પાણી ઉપર વાસક્ષેપ કરવાનો મંત્ર :**

**ॐ आपोऽप्काया एकेन्द्रिया जीवाः निर्वद्यार्हत् श्री नेमिनाथ-महापूजायां निर्व्यथाः सन्तु निष्पापाः सन्तु सद्‌गतयः सन्तु न मे संघट्टनहिंसाऽर्हदर्चने स्वाहा ॥**

- **ધૂપ તથા દીપક ઉપર વાસક્ષેપ કરવાનો મંત્ર :**

**ॐ अग्नयोऽग्निकाया एकेन्द्रिया जीवाः निर्वद्यार्हत् श्री नेमिनाथ-महापूजायां निर्व्यथाः सन्तु निष्पापाः सन्तु सद्‌गतयः सन्तु न मे संघट्टनहिंसाऽर्हदर्चने स्वाहा ॥**

- **શેષ તમામ સામગ્રી તથા માંડલા ઉપર વાસક્ષેપ કરવાનો મંત્ર :**

**ॐ वनस्पतयो वनस्पतिकाया एकेन्द्रिया जीवाः निर्वद्यार्हत् श्री नेमिनाथ-महापूजायां निर्व्यथाः सन्तु निष्पापाः सन्तु सद्‌गतयः सन्तु न मे संघट्टनहिंसाऽर्हदर्चने स्वाहा ॥**

(નીચેનો મંત્ર સાતવાર બોલી વાસક્ષેપથી અભિમંત્રિત ચોખા પૂજનભૂમિ પર નાંખી ભૂમિ શુદ્ધિ કરવી.)

**ॐ भूर्भुवः स्वधाय स्वाहा**

પછી ગિરનારજી મહાતીર્થ, નેમિનાથ ભગવાન અને શાસન અધિષ્ઠાયક દેવ-દેવીનું માહાત્મ્ય તથા આરાધનાદિની વિધિ બતાવવી.

- પૂ. ગુરુભગવંતની અનુજ્ઞા લઈને પૂજનનો પ્રારંભ કરવો.

(સૌ પ્રથમ પં. શ્રી વીરવિજયજી મહારાજ સાહેબ કૃત સ્નાત્રપૂજા ભણાવવી.)

## ॥ સ્નાત્ર પૂજા ॥

(સજોડે પંચામૃત અને પાણીનો કળશ લઈને ઊભા રહેવું.)

**કાવ્યમ્ દ્રુતવિલંબિતવૃત્તમ્**

સરસ શાન્તિ સુધારસ સાગરં, શુચિતરં ગુણરત્ન મહાગરં,
ભવિક પંકજ બોધ દિવાકરં, પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરં ॥ ૧ ॥

**દુહો**

કુસુમાભરણ ઉતારીને, પડીમા ધરિય વિવેક, મજ્જનપીઠે થાપીને, કરીએ જળ અભિષેક ॥ ૨ ॥

(અહીં જમણે અંગુઠે પ્રક્ષાલ, અંગલૂછણાં કરી, પૂજા કરીને કુસુમાંજલિની થાળી લઈને ઊભા રહેવું.)

**ગાથા-આર્યાગીત**

જિણ જમ્મ સમયે મેરુસિહરે, રયણ કણય કલસેહિં, દેવાસુરેહિં ણ્હવિઓ તે, ધન્ના જેહિં દિટ્ઠોસિ ॥ ૩ ॥

(જ્યાં જ્યાં "કુસુમાંજલિ મેલો" આવે ત્યાં ત્યાં પ્રભુના જમણા અંગૂઠે કુસુમાંજલિ મૂકવી.)

**નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ**

### કુસુમાંજલિ-ઢાળ

નિર્મલ જળકળશે ન્હવરાવે, વસ્ત્ર અમૂલક અંગ ધરાવે, કુસુમાંજલિ મેલો આદિજિણંદા,
સિદ્ધ સ્વરુપી અંગ પખાલી, આતમ નિર્મળ હુઈ સુકુમાળી, કુસુમાંજલિ મેલો આદિજિણંદા ॥ ૪ ॥

### ગાથા-આર્યાગીત

મચકુંદ ચંપ માલઈ કમલાઈ પુષ્ફ પંચવણ્ણાઇં, જગનાહ ન્હવણ સમયે, દેવા કુસુમાંજલિ દિંતિ ॥ ૫ ॥

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

### કુસુમાંજલિ-ઢાળ

રયણ સિંહાસન જિન થાપીજે, કુસુમાંજલિ પ્રભુ ચરણે દિજે, કુસુમાંજલિ મેલો શાન્તિ જિણંદા ॥ ૬ ॥

### દુહો

જિણ તિહું કાલય સિદ્ધની, પડિમા ગુણ ભંડાર, તસુ ચરણે કુસુમાંજલિ, ભવિક દુરિત હરનાર ॥ ૭ ॥

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

### કુસુમાંજલિ ઢાળ

કૃષ્ણાગરુવર ધૂપ ધરીજે, સુગંધકર કુસુમાંજલિ દીજે, કુસુમાંજલિ મેલો નેમિ જિણંદા ॥ ૮ ॥

### ગાથા-આર્યાગીત

જસુ પરિમલ બલ દહ દિસિ, મહુયરઝંકાર સદ્દસંગીયા,
જિણચરણોવરિ મુક્કા, સુરનર કુસુમાંજલિ સિદ્ધા ॥ ૯ ॥

નમોઽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

### કુસુમાંજલિ ઢાળ

પાસ જિણેસર જગ જયકારી, જલ થલ ફૂલ ઉદક કર ધારી, કુસુમાંજલિ મેલો પાર્શ્વજિણંદા ॥ ૧૦ ॥

### દુહો

મુકે કુસુમાંજલિ સુરા, વીરચરણ સુકુમાલ, તે કુસુમાંજલિ ભવિકનાં, પાપ હરે ત્રણ કાળ ॥ ૧૧ ॥

નમોઽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

**કુસુમાંજલિ ઢાળ**

વિવિધ કુસુમ વર જાતિ ગહેવી, જિનચરણે પણમંત ઠવેવી, કુસુમાંજલિ મેલો વીર જિણંદા ॥ ૧૨ ॥

**વસ્તુછંદ**

ન્હવણકાળે ન્હવણકાળે, દેવદાણવ સમુચ્ચિય, કુસુમાંજલિ તહિં સંઠવિય, પસરંત દિસિ પરિમલ સુગંધિય,
જિણપયકમલે નિવડેઇ, વિગ્ઘહર જસ નામ મંતો, અનંત ચઉવીસ જિન, વાસવ મલીય અસેસ
સા કુસુમાંજલિ સુહકરો, ચઉવિહ સંઘ વિશેષ ॥ ૧૩ ॥

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

**કુસુમાંજલિ ઢાળ**

અનંત ચઉવીસી જિનજી જુહારું, વર્તમાન ચઉવીસી સંભારું, કુસુમાંજલિ મેલો ચોવીસ જિણંદા ॥ ૧૪ ॥

**દુહો**

મહાવિદેહે સંપ્રતિ, વિહરમાન જિન વીશ, ભક્તિ ભરે તે પૂજિયા, કરો સંઘ સુજગીશ ॥ ૧૫ ॥

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

**કુસુમાંજલિ ઢાળ**

અપચ્છરમંડલી ગીત ઉચ્ચારા, શ્રી શુભવીરવિજય જયકારા, કુસુમાંજલિ મેલો સર્વ જિણંદા ॥ ૧૬ ॥

(સ્નાત્રપૂજા કરનારે પ્રભુજીના જમણા અંગૂઠે કુસુમાંજલિ મૂકવી. પછી પ્રદક્ષિણાના નીચે પ્રમાણેના દુહા બોલવા. પ્રત્યેક દુહો બોલતાં સિંહાસનની પ્રદક્ષિણા કરી પ્રભુ સન્મુખ ખમાસમણ દેવાં.)

**શ્રી પ્રદક્ષિણાના દુહા**

કાળ અનાદિ અનંતથી, ભવ ભ્રમણાનો નહી પાર;
તે ભ્રમણા નિવારવા, પ્રદક્ષિણા દઉં ત્રણવાર. ॥ ૧ ॥

ભમતીમાં ભમતા થકા, ભવ ભાવઠ દૂર પલાય;
જ્ઞાન-દર્શન-ચારિત્ર રુપ, પ્રદક્ષિણા ત્રણ દેવાય. ॥ ૨ ॥

જન્મ-મરણાદિ સવિ ભય ટળે, સીઝે જો દરિશણ કાજ;
રત્નત્રયી પ્રાપ્તિ ભણી, દરિશણ કરો જિનરાજ. ॥ ૩ ॥

(પછી સ્નાત્રીયા જગચિંતામણીનું ચૈત્યવંદન કરી 'નમુત્થુણં'થી 'જયવીયરાય' પર્યંત કહે. પછી હાથ ધોઈ ધૂપી મુખકોશ બાંધી કળશ લઈ ઊભા રહે.)

## દુહો

સયલ જિણેસર પાય નમી, કલ્યાણક વિધિ તાસ; વર્ણવતાં સુણતાં થકાં, સંઘની પૂગે આશ. ॥ ૧ ॥

## ઢાળ

સમકિત ગુણઠાણે પરિણમ્યા, વળી વ્રતધર સંયમ સુખ રમ્યા;
વીશ સ્થાનક વિધિએ તપ કરી, એસી ભાવદયા દિલમાં ધરી. ॥ ૧ ॥

જો હોવે મુજ શક્તિ ઈસી, સવિ જીવ કરું શાસનરસી;
શુચિરસ ઢળતે તિહાં બાંધતા, તીર્થંકર નામ નિકાચતાં. ॥ ૨ ॥

સરાગથી સંયમ આચરી, વચમાં એક દેવનો ભવ કરી;
ચ્યવી પન્નર ક્ષેત્રે અવતરે, મધ્યખંડે પણ રાજવી કુલે. ॥ ૩ ॥

પટરાણી કૂખે ગુણનીલો, જેમ માનસરોવર હંસલો;
સુખશય્યાએ રજની શેષે, ઉતરતાં ચૌદ સુપન દેખે. ॥ ૪ ॥

## ઢાળ - ચૌદ સ્વપ્નની

પહેલે ગજવર દીઠો, બીજે વૃષભ પઈઠો; ત્રીજે કેસરી સિંહ, ચોથે લક્ષ્મી અબીહ. ॥ ૧ ॥

પાંચમે ફુલની માળા, છટ્ઠે ચંદ્ર વિશાળા; રવિ રાતો ધ્વજ મહોટો, પૂરણ કળશ નહિ છોટો. ॥ ૨ ॥

દશમે પદ્મ સરોવર, અગિયારમે રત્નાકર; ભુવનવિમાન રત્નગંજી, અગ્નિશિખાં ધૂમવર્જી. ॥ ૩ ॥

સ્વપ્ન લહી જઇ રાયને ભાસે, રાજા અર્થ પ્રકાશે,

પુત્ર તીર્થંકર ત્રિભુવન નમશે, સકળ મનોરથ ફળશે ॥ ૪ ॥

### વસ્તુછંદ

અવધિનાણે અવધિનાણે, ઉપના જિનરાજ, જગત જસ પરમાણુઆ, વિસ્તર્યા વિશ્વજંતુ સુખકાર,

મિથ્યાત્વ-તારા નિર્બળા, ધર્મ ઉદય પરભાત સુંદર, માતા પણ આનંદિયા, જાણતી ધર્મ વિધાન,

જાણંતી જગતિલક સમો, હોશે પુત્ર પ્રધાન. ॥ ૧ ॥

### દુહો

શુભ લગ્ને જિન જનમિયા, નારકીમાં સુખ જ્યોત; સુખ પામ્યા ત્રિભુવન જના, હુઓ જગત ઉદ્યોત. ॥ ૧ ॥

### ઢાળ – કડખાની દેશી

સાંભળો કળશ જિન મહોત્સવનો ઇહાં, છપ્પન કુમરી દિશિ વિદિશિ આવે તિહાં;
માય સુત નમીય, આનંદ અધિકો ધરે, અષ્ટ સંવર્ત વાયુથી કચરો હરે. ॥ ૧ ॥

વૃષ્ટિ ગંધોદકે અષ્ટ કુમરી કરે, અષ્ટ કલશા ભરી, અષ્ટ દર્પણ ધરે;
અષ્ટ ચામર ધરે, અષ્ટ પંખા લહી, ચાર રક્ષા કરી, ચાર દીપક ગ્રહી. ॥ ૨ ॥

ઘર કરી કેળનાં, માય સુત લાવતી, કરણ શુચિકર્મ જળ કળશે ન્હવરાવતી;
કુસુમ પૂજી અલંકાર પહેરાવતી, રાખડી બાંધી જઇ શયન પધરાવતી. ॥ ૩ ॥

નમીય કહે માય તુજ, બાળ લીલાવતી, મેરુ રવિ ચંદ્ર લગે જીવજો જગપતિ;
સ્વામી ગુણ ગાવતી, નિજ ઘર જાવતી, તેણે સમે ઈંદ્ર સિંહાસન કંપતી. ॥ ૪ ॥

### ઢાળ – એકવીશાની દેશી

જિન જનમ્યાજી, જિણ વેળા જનની ઘરે, તિણ વેળાજી, ઈંદ્ર સિંહાસન થરહરે;
દાહિણોત્તરજી, જેતા જિન જનમે યદા, દિશિનાયકજી, સોહમ ઈશાન બિહું તદા. ॥ ૧ ॥

### ત્રોટક છંદ

તદા ચિંતે ઈંદ્ર મનમાં, કોણ અવસર એ બન્યો, જિન-જન્મ અવધિનાણે જાણી, હર્ષ આનંદ ઉપન્યો;
સુઘોષ આદે ઘંટનાદે, ઘોષણા સુરમેં કરે, સવિ દેવી દેવા જન્મ મહોત્સવે, આવજો સુરગિરિવરે. ॥ ૨ ॥

(અહીં ઘંટ વગાડવો.)

### ઢાળ

એમ સાંભળીજી, સુરવર કોડી આવી મળે, જન્મ મહોત્સવજી, કરવા મેરુ ઉપર ચલે;
સોહમપતિજી, બહુ પરિવારે આવીયા, માય જિનનેજી, વાંદી પ્રભુને વધાવીયા. ॥ ૩ ॥

(અહીં પ્રભુને ચોખાથી વધાવવા.)

### ત્રોટક છંદ

વધાવી બોલે હે રત્નકુક્ષિ-ધારિણી તુજ સુત તણો, હું શક્ર સોહમ નામે કરશું, જન્મ મહોત્સવ અતિ ઘણો;
એમ કહી જિન પ્રતિબિંબ સ્થાપી, પંચ રુપે પ્રભુ ગ્રહી, દેવ દેવી નાચે હર્ષ સાથે, સુરગિરિ આવ્યા વહી. ॥ ૪ ॥

**ઢાળ**

મેરુ ઉપરજી, પાંડુક વનમેં ચિહું દિશે, શિલા ઉપરજી, સિંહાસન મન ઉલ્લસે;
તિહાં બેસીજી, શક્રે જિન ખોળે ધર્યા, હરિ ત્રેસઠજી, બીજા તિહાં આવી મળ્યા. ॥ ૫ ॥

**ત્રોટક છંદ**

મળ્યા ચોસઠ સુરપતિ તિહાં, કરે કળશ અડ જાતિના,
માગધાદિ જળ તીર્થ ઔષધિ, ધૂપ વળી બહુ ભાતિના.
અચ્યુતપતિએ હુકમ કીનો, સાંભળો દેવાસવે,
ક્ષીરજલધિ ગંગાનીર લાવો, ઝટિતિ જિનજન્મ-મહોત્સવે.

**ઢાળ – વિવાહલાની દેશી**

સુર સાંભળીને સંચરિયા, માગધ વરદામે ચલિયા; પદ્મદ્રહ ગંગા આવે, નિર્મળ જળ કળશા ભરાવે ॥ ૧ ॥
તીરથજળ ઔષધિ લેતા, વળી ક્ષીરસમુદ્રે જાતા; જળકળશા બહુલ ભરાવે, ફૂલ ચંગેરી થાળા લાવે ॥ ૨ ॥
સિંહાસન ચામર ધારી, ધૂપધાણાં રકેબી સારી; સિદ્ધાંતે ભાખ્યાં જેહ ઉપકરણ મિલાવે તેહ ॥ ૩ ॥
તે દેવા સુરગિરિ આવે, પ્રભુ દેખી આનંદ પાવે; કળશાદિક સહુ તિહાં ઠાવે, ભક્તે પ્રભુના ગુણ ગાવે ॥ ૪ ॥

## ઢાળ – રાગ : ધન્યાશ્રી

આતમભક્તિ મળ્યા કેઈ દેવા, કેતા મિત્તનુજાઈ,
નારી પ્રેર્યા વળી નિજ કુલવટ, ધર્મી ધર્મ સખાઈ,
જોઈસ, વ્યંતર, ભુવનપતિના વૈમાનિક સુર આવે,
અચ્યુતપતિ હુકમે ધરી કળશા, અરિહાને ન્હવરાવે... આતમ... ॥ ૧ ॥

અડ જાતિ કળશા પ્રત્યેકે, આઠ આઠ સહસ પ્રમાણો,
ચઉસઠ સહસ હુઆ અભિષેકે, અઢીસેં ગુણા કરી જાણો,
સાઠ લાખ ઉપર એક કોડી, કળશાનો અધિકાર,
બાસઠ ઈંદ્ર તણાં તિંહા બાસઠ, લોકપાલના ચાર... આતમ... ॥ ૨ ॥

ચંદ્રની પંક્તિ છાસઠ છાસઠ, રવિશ્રેણી નરલોકો,
ગુરુસ્થાનક સુર કેરો એક જ, સામાનિકનો એકો,
સોહમપતિ ઈશાનપતિની, ઈંદ્રાણીના સોળ,
અસુરની દશ ઈંદ્રાણી નાગની, બાર કરે કલ્લોલ... આતમ... ॥ ૩ ॥

જ્યોતિષ વ્યંતર ઈંદ્રની ચઉ ચઉ, પર્ષદા ત્રણનો એકો,
કટકપતિ અંગરક્ષક કેરો, એક એક સુવિવેકો
પરચુરણ સુરનો એક છેલ્લો, એ અઢીસેં અભિષકો,
ઈશાન ઇંદ્ર કહે મુજ આપો, પ્રભુને ક્ષણ અતિરેકો... આતમ... ॥ ૪ ॥

તવ તસ ખોળે ઠવી અરિહાને, સોહમપતિ મનરંગે,
વૃષભ રુપ કરી શૃંગ જળે ભરી, ન્હવણ કરે પ્રભુ અંગે,
પુષ્પાદિક પૂજીને છાંટે, કરી કેસર રંગ રોલે,
મંગળ દીવો આરતી કરતાં, સુરવર જય જય બોલે... આતમ... ॥ ૫ ॥

ભેરી ભુંગલ તાલ બજાવત, વળિયા જિન કર ધારી,
જનની ઘર માતાને સોંપી, એણી પરે વચન ઉચ્ચારી,
પુત્ર તુમારો સ્વામી અમારો, અમ સેવક આધાર,
પંચ ધાવી રંભાદિક સ્થાપી, પ્રભુ ખેલાવણહાર... આતમ... ॥ ૬ ॥

બત્રીશ કોડી કનક મણિ માણેક, વસ્ત્રની વૃષ્ટિ કરાવે,
પૂરણ હર્ષ કરેવા કારણ દ્વીપ નંદીસર જાવે,
કરીય અઠ્ઠાઈ ઉત્સવ દેવા નિજ નિજ કલ્પ સધાવે,
દીક્ષા કેવળ ને અભિલાષે નિત નિત જિન ગુણ ગાવે... આતમ... ॥ ૭ ॥

તપગચ્છ ઈસર સિંહસૂરીસર કેરા શિષ્ય વડેરા,
સત્યવિજય પંન્યાસતણે પદ, કપૂરવિજય ગંભીરા,
ખિમાવિજય તસ સુજસવિજયના, શ્રી શુભવિજય સવાયા,
પંડિત વીર વિજય શિષ્યે, જિન જન્મ મહોત્સવ ગાયા... આતમ... ॥ ૮ ॥

ઉત્કૃષ્ટા એકસો ને સિત્તેર, સંપ્રતિ વિચરે વીશ,
અતીત અનાગત કાળે અનંતા, તીર્થંકર જગદીશ,
સાધારણ એ કળશ જે ગાવે, શ્રી શુભવીર સવાઈ,
મંગળ લીલા સુખભર પાવે, ઘર ઘર હર્ષ વધાઈ... આતમ... ॥ ૯ ॥

## ॥ મંગલાચરણ ॥

अर्हन्तो भगवन्त इन्द्रमहिताः, सिद्धाश्च सिद्धिस्थिता,
आचार्या जिनशासनोन्नतिकराः पूज्या उपाध्यायकाः ।
श्री सिद्धान्तसुपाठका मुनिवरा, रत्नत्रयाराधकाः
पञ्चैते परमेष्ठिनः प्रतिदिनं कुर्वन्तु वो मङ्गलम् ॥

उज्जित सेलसिहरे दिक्खानाणं निस्सीहीआ जस्स;
तं धम्मचक्कवट्टीं अरिट्ठनेमिं नमंसामि.

यदुवंश समुद्रेन्दुः कर्म्मकक्षहुताशनः ।
अरिष्ट-नेमिर्भगवान् भूयाद्वोऽरिष्टनाशनः ॥

१ ॐ ह्रीं नमो अरिहंताणं २ ॐ ह्रीं नमो सिद्धाणं ३ ॐ ह्रीं नमो आयरियाणं
४ ॐ ह्रीं नमो उवज्झायाणं ५ ॐ ह्रीं नमो लोए सव्वसाहूणं ६ ॐ ह्रीं श्री नेमिनाथाय नमः
७ ॐ ह्रीं श्री गोमेधयक्षाय नमः ८ ॐ ह्रीं श्री अम्बिकायै नमः ।

(આ મંત્રો મધુર સ્વરે ત્રણવાર બોલવા.)

( रथोद्धता )

स्वस्तिः नमोऽर्हत् - सिद्धाचार्योपाध्याय - सर्वसाधुभ्यः ।
सम्यग् - दर्शन - ज्ञान - चारु - चारित्र - सत्तपोभ्यश्च ॥

॥ भूमिशुद्धि ॥

(૧) મહાપૂજનની આસપાસમાં રહેલા વાયુમંડળને શુદ્ધ કરવા માટે દેવલોકમાંથી વાયુકુમાર દેવને આમંત્રણ....

मंत्र : ॐ ह्रीं वातकुमाराय विघ्नविनाशकाय महीं पूतां कुरु कुरु स्वाहा ॥

(આ મંત્ર બોલી દર્ભના ઘાસથી અથવા ખેસથી પ્રમાર્જના કરતા કરતા એક પ્રદક્ષિણા આપવી.)

(૨) ભૂમિ પર સુગંધિત સુવર્ણ જળની વૃષ્ટિ કરવા માટે દેવલોકમાંથી મેઘકુમાર દેવને નિમંત્રણ.....

मंत्र : ॐ ह्रीं मेघकुमाराय धरां प्रक्षालय प्रक्षालय हूं फुट् स्वाहा ॥

(આ મંત્ર બોલી પુષ્પ અથવા દર્ભના ઘાસને પાણીમાં બોળી પાણી છાંટતા છાંટતા એક પ્રદક્ષિણા આપવી.)

(૩) પૂજનભૂમિની વિશેષ શુદ્ધિ હેતુ ભૂતધાત્રી દેવીને આમંત્રણ....

**मंत्र : ॐ भूरसि भूतधात्रि सर्वभूतहिते भूमिशुद्धिं कुरु कुरु स्वाहा ॥**

(આ મંત્ર બોલી ભૂમિ ઉપર ચંદનના છાંટણા કરતાં કરતાં એક પ્રદક્ષિણા આપવી.)

(૪) **ભાવસ્નાન :** બંને હાથમાં વિવિધ મહાનતીર્થો અને પવિત્ર નદીઓનું પાણી છે.

એવી કલ્પના કરતાં કરતાં મંત્ર બોલવો.

**मंत्र : ॐ नमो विमलनिर्मलाय स्वतीर्थजलाय पां पां वां वां इवीं क्ष्वीं अशुचिः शुचिर्भवामि स्वाहा ॥**

(આ મંત્ર બોલી શરીર પર ભાવથી સ્નાન કરવું.)

**॥ वस्त्रशुद्धि ॥**

**मंत्र : ॐ ह्रीं इवीं क्ष्वीं पां पां वस्त्रशुद्धिं कुरु कुरु स्वाहा ॥**

(આ મંત્ર બોલતાં વસ્ત્ર ઉપર હાથ ફેરવી વસ્ત્રશુદ્ધિ કરવી.)

## ॥ કલ્મષદહન ॥

વિષય કષાયના કચરાને ભસ્મીભૂત કરવાની ભાવના સહ મંત્ર બોલવાપૂર્વક બંને ભુજાઓને સ્પર્શ કરવો....

મંત્ર : ૐ विद्युत्स्फुलिङ्गे महाविद्ये सर्वकल्मषं दह दह स्वाहा ॥

## ॥ હૃદયશુદ્ધિ ॥

(રાગ-દ્વેષથી રહિત બનવાની ભાવનાપૂર્વક હૃદય પર હાથ રાખવો.)

મંત્ર : ૐ विमलाय विमल चित्ताय झ्वीं क्ष्वीं स्वाहा ॥

## ॥ પંચ બીજની ધારણા ॥

(ડાબા (જમણા) હાથથી સ્પર્શ કરવો અને નીચે લખેલા પંચબીજની ધારણા કરવી.)

હૃદયે - ह्रां, કંઠે - ह्रीं, તાલવ્યે - ह्रूं, લલાટે - ह्रौं, શિખાએ - ह्रः.

**॥ પંચાંગન્યાસ ॥**

આરોહ-અવરોહ પૂર્વક (૧) ઢીંચણ (૨) નાભિ (૩) હૃદય (૪) મુખ અને (૫) શિખા એમ પાંચે અંગો પર બંને હાથનો સ્પર્શ કરવાપૂર્વક મંત્રબીજોની સ્થાપના કરવી.

આરોહ (ચડતાક્રમે) : **क्षि प ॐ स्वा हा**

અવરોહ (ઉતરતાંક્રમે) : **हा स्वा ॐ प क्षि**

(આ વિધાન ત્રણ વખત કરવું. )

**॥ श्री वज्रपञ्जरस्तोत्रम् ॥**

સાંસારિક વિપત્તિઓ દૂર કરી આધ્યાત્મિક સંપત્તિ પ્રદાન કરનારી, સપ્તભયોનું નિવારણ કરી અભય બનાવનારી, મહા અનુષ્ઠાન સ્વરૂપ આત્મરક્ષા વિવિધ મુદ્રાઓથી કરવા પૂર્વક આપણી ચારે બાજુ વજ્રમય કિલ્લો બની રહ્યો છે, એવી કલ્પના કરવી.

**ॐ परमेष्ठिनमस्कारं, सारं नवपदात्मकम् । आत्मरक्षाकरं वज्र - पञ्जराभं स्मराम्यहम् ॥१॥**

**ॐ नमो अरिहंताणं, शिरस्कं शिरसि स्थितम् । ॐ नमो सव्वसिद्धाणं, मुखे मुखपटं वरम् ॥२॥**

ॐ नमो आयरियाणं, अङ्गरक्षाऽतिशायिनी । ॐ नमो उवज्झायाणं, आयुधं हस्तयोर्दृढम् ॥३॥

ॐ नमो लोए सव्वसाहूणं मोचके पादयोः शुभे । एसो पञ्च नमुक्कारो, शिला वज्रमयी तले ॥४॥

सव्वपावप्पणासणो, वप्रो वज्रमयो बहिः । मंगलाणं च सव्वेसिं, खादिराङ्गारखातिका ॥५॥

स्वाहान्तं च पदं ज्ञेयं, पढमं हवइ मङ्गलं । वप्रोपरि वज्रमयं, पिधानं देहरक्षणे ॥६॥

महाप्रभावा रक्षेयं, क्षुद्रोपद्रवनाशिनी । परमेष्ठिपदोद्भूता, कथिता पूर्वसूरिभिः ॥७॥

यश्चैवं कुरुते रक्षां परमेष्ठिपदैः सदा । तस्य न स्याद् भयं व्याधि - राधिश्चापि कदाचन ॥८॥

(ઉપર્યુક્ત સ્તોત્ર જે પુણ્યાત્મા હંમેશા આદર સહિત બોલે છે, તે આધિ, વ્યાધિ અને ઉપાધિથી મુક્ત થાય છે.)

**॥ ક્ષેત્રપાલ પૂજન ॥**

જે ભૂમિ પર પૂજન કરવાનું હોય ત્યાંના અધિષ્ઠાયક ક્ષેત્રપાલ દેવની અનુજ્ઞા પ્રાપ્ત કરવાના ભાવ સાથે ક્ષેત્રપાલ પૂજન કરવું...

(१) ॐ अत्रस्थक्षेत्रपालाय स्वाहा ॥

(२) ॐ ह्रीँ श्री तीर्थाधिष्ठायक गोमेधयक्षाय स्वाहा ॥

(३) ॐ ह्रीं श्री तीर्थाधिष्ठायिका अंबिकादेव्यै स्वाहा ॥

(४) ॐ ह्रीं श्री मणिभद्राय स्वाहा ॥

(ક્ષેત્રપાળદેવનું યંત્ર ઉપર ચંદન તથા પુષ્પ દ્વારા પૂજન તથા માંડલામાં લીલું શ્રીફળ, ચમેલીનું તેલ, જાસુદનું પુષ્પ તથા સવારુપિયો અર્પણ કરવા પૂર્વક પૂજન કરવું.

અને બાકીના દેવી દેવતાને શ્રીફળ અને નૈવેદ્ય અર્પણ કરવું.)

**॥ રક્ષાપોટલી મંત્ર વિધાન ॥**

મંત્ર : ॐ हूँ क्षुं फुट् कीरिटि कीरिटि घातय घातय, परकृत - विघ्नान्

स्फेटय स्फेटय सहस्त्रखण्डान् कुरु कुरु, परमुद्रां छिन्द छिन्द

परममन्त्रान् भिन्द भिन्द हूँ क्षः फुट् स्वाहा ॥

(આ મંત્ર સાત વાર બોલી રક્ષાપોટલી ગુરુભગવંતે અથવા વિધિકારકે અભિમંત્રિત કરવી.)

**॥ રક્ષાપોટલી બંધન વિધિ ॥**

મંત્ર : ॐ नमोऽर्हते रक्ष रक्ष हूँ फुट् स्वाहा ॥

(આ મંત્ર બોલી દરેક પૂજનાર્થીઓએ શુભ સંકલ્પ દ્વારા રક્ષાપોટલી બાંધવી.)

**॥ જિનેશ્વર ભગવાનને સ્થાપન કરવાનો મંત્ર ॥**

ॐ नमोऽर्हते परमेश्वराय परमपुरुषाय परमेष्ठिने दिक्कुमारी परिपूजिताय दिव्यशरीराय त्रैलोक्यमहिताय देवाधिदेवाय भो जिनाधीश ! अत्र पीठे तिष्ठ तिष्ठ स्वाहा ॥

(આ મંત્ર બોલતી વખતે જિનેશ્વર ભગવાનની પ્રતિમાને જમણા હાથનો સ્પર્શ કરવો.)

**॥ ગિરનાર તીર્થાધિષ્ઠાયક ગોમેધયક્ષ - અંબિકાદેવી સ્થાપન કરવાનો મંત્ર ॥**

ॐ क्षाँ क्षाँ गिरनार तीर्थाधिष्ठायक गोमेधयक्ष अंबिकादेवी अत्र पीठे तिष्ठ तिष्ठ स्वाहा ॥

(આ મંત્ર બોલીને બંને પ્રતિમાજી(પ્રતિકૃતિ)ને જમણા હાથનો સ્પર્શ કરવો.)

**॥ શ્રી ગિરનાર મહાતીર્થપટ સ્થાપન મંત્ર ॥**

ॐ क्षाँ क्षाँ श्री गिरनार महातीर्थ पट ! अत्र पीठे तिष्ठ तिष्ठ स्वाहा ॥

(આ મંત્ર બોલીને શ્રી ગિરનાર મહાતીર્થ પટને મહાભિષેક કરવા માટે બાજોઠમાં સ્થાપન કરવો.)

**॥ કુસુમાંજલિ વિધાન ॥**

હાથમાં કુસુમાંજલિ લઈને મંત્ર બોલવો.

**मंत्र : परमेश्वर ! परमेष्ठिन् ! परमगुरो ! परमनाथ ! परमार्हन् !**

**परमानन्तचतुष्टय ! परमात्मंस्तुभ्यमस्तु नमः ॥**

યંત્રને કુસુમાંજલિથી વધાવવું, પછી શક્રસ્તવ - નમુત્થુણં સ્તોત્ર બોલવું.

**॥ नमुत्थुणं स्तोत्र ॥**

नमुत्थुणं अरिहंताणं भगवंताणं ॥१॥ आईगराणं, तित्थयराणं, सयंसंबुद्धाणं ॥२॥

पुरिसुत्तमाणं, पुरिस-सीहाणं, पुरिस-वर पुंडरीआणं, पुरिसवर गंध - हत्थीणं ॥३॥

लोगुत्तमाणं, लोग-नाहाणं, लोग-हिआणं, लोग-पईवाणं, लोग-पज्जो-अगराणं ॥४॥

अभय- दयाणं, चक्खु -दयाणं, मग्ग- दयाणं, सरण-दयाणं, बोहि-दयाणं ॥५॥

धम्म-दयाणं, धम्म-देसयाणं, धम्म-नायगाणं, धम्म-सारहीणं,

धम्म-वर चाउरंत चक्कवट्टीणं ॥६॥

अप्पडिहय - वरनाण - दंसण - धराणं, विअट्ट - छउमाणं ॥७॥

जिणाणं जावयाणं, तिन्नाणं तारयाणं, बुद्धाणं बोहयाणं मुत्ताणं मोअगाणं ॥८॥

सव्वन्नूणं, सव्व - दरिसीणं, सिव - मयल - मरुअ - मणंत - मक्खय- मव्वाबाह -

मपुण - राविति - सिद्धिगई - नामधेयं ठाणं संपत्ताणं, नमो जिणाणं जिअभयाणं ॥९॥

जे अ अईआ सिद्धा, जे अ भविस्संति -णागए काले

संपई अ वट्टमाणा, सव्वे तिविहेण वंदामि ॥१०॥

## ॥ આહ્વાનાદિ મુદ્રા વિધાન ॥

### ॥ આહ્વાન મુદ્રા ॥

ॐ नमः श्री गिरनार - नेमिनाथ तीर्थाधिष्ठायक गोमेधयक्ष अंबिकादेवी अत्र अवतर अवतर । सर्वोषट्

### ॥ સ્થાપન મુદ્રા ॥

ॐ नमः श्री गिरनार - नेमिनाथ तीर्थाधिष्ठायक गोमेधयक्ष अंबिकादेवी अत्र तिष्ठ तिष्ठ । ठ : ठ :

### ॥ સન્નિધાન મુદ્રા ॥

ॐ नमः श्री गिरनार - नेमिनाथ तीर्थाधिष्ठायक गोमेधयक्ष अंबिकादेवी अत्र मम सन्निहितो भव - भव । वषट्

॥ સન્નિરોધ મુદ્રા ॥

ॐ नमः श्री गिरनार – नेमिनाथ तीर्थाधिष्ठायक गोमेधयक्ष अंबिकादेवी पूजां यावद् अत्रैव । स्थातव्यम्

॥ અવગુંઠન મુદ્રા ॥

ॐ नमः श्री गिरनार – नेमिनाथ तीर्थाधिष्ठायक गोमेधयक्ष अंबिकादेवी परेषामदृशो भव – भव । फुट्

॥ અંજલિ મુદ્રા ॥

ॐ नमः श्री गिरनार – नेमिनाथ तीर्थाधिष्ठायक गोमेधयक्ष अंबिकादेवी
इमां पूजां प्रतिच्छत – प्रतिच्छत । नमः श्री गोमेधयक्ष अंबिकादैव्यै स्वाहा ॥

# નેમિભક્તામરના રચયિતાનો પરિચય

આ નેમિભક્તામર કાવ્યના રચયિતા પ.પૂ. આ. ભાવપ્રભસૂરિજી મહારાજ સાહેબ "પૌર્ણમીય" ગચ્છના આચાર્ય મહિમાપ્રભસૂરિજીના શિષ્ય હતા. તેઓશ્રીએ વિ.સં. ૧૭૯૧માં જૈનધર્મવરસ્તોત્રની સ્વોપજ્ઞ વૃત્તિ ઉપરાંત અનેક કૃતિઓની રચનાઓ કરેલ છે.

આ કાવ્ય પ.પૂ. આ. માનતુંગસૂરિજી મહારાજ દ્વારા વિરચિત ભક્તામરસ્તોત્રની પ્રત્યેક ગાથાના ચતુર્થ ચરણની પાદપૂર્તિ રૂપ છે. તેમાં નેમિનાથ પરમાત્મા અને રાજીમતીના અધિકારનું વર્ણન કરેલ છે. વિશેષમાં આ કાવ્ય ઉપર તેઓશ્રીએ સ્વોપજ્ઞવૃત્તિ પણ રચેલ છે.

પૂર્વપુરુષ દ્વારા રચાયેલ પરંતુ વર્ષોથી ચતુર્વિધસંઘ દ્વારા અણસ્પર્શેલ રહેવાથી અંધકારમાં રહેલી આ કૃતિ ભાવાર્થ કરીને તેને પ્રકાશમાં લાવવાના આ અલ્પપ્રયાસનો સ્વીકાર કરી સૌ વાચકગણ ગિરનાર અને નેમિપ્રભુની ભક્તિ કરવા દ્વારા વિષય-કષાયને ગાળી શીઘ્રતયા આત્મકલ્યાણ સાધે એ જ મંગલકામના.

# નેમિભક્તામરના સર્જનની પૂર્વભૂમિકા

વર્તમાન અવસર્પિણીના બાવીસમા તીર્થંકર બાલબ્રહ્મચારી નેમિનાથ ભગવાનનો જન્મ શૌરીપુરી (શૌરીપુર)માં થયો હતો. નેમિકુમાર બાલ્યાવસ્થાથી જ વૈરાગ્યના રંગથી રંગાયેલા હોવાથી લગ્નગ્રંથીમાં બંધાઈ જવા માંગતા ન હતા, પરંતુ માતાપિતા તથા બંધુ શ્રીકૃષ્ણની ભાવના તેમને પરણાવવાની હતી.

શ્રીકૃષ્ણે આ કાર્ય માટે નેમિકુમારને સમજાવીને મનાવવાની જવાબદારી પોતાની રાણીઓને સોંપી હતી. પાણિ-ગ્રહણની ભાવના પ્રગટ કરવા આ રાણીઓએ દીયર નેમિકુમાર સાથે જલક્રીડા સમેત અનેકવિધ ચેષ્ટાઓ કરવાના પ્રયાસો કર્યા. પરંતુ અડગ મનના સ્વામિ નેમિકુમાર એક ના બે ન થયા. પોતાના બધાં જ દાવપેચો નિષ્ફળ જતાં જોઈને જ્યારે રાણીઓએ કટાક્ષપૂર્વક ઠપકાના અનેક કટુવચનોનો પ્રહાર કર્યો ત્યારે વૈરાગી નેમિકુમાર મૌન રહ્યા હોવા છતાં તેમના વદનકમલ ઉપર એક હળવું સ્મિત ફરકી ગયું. બસ ! આવી મુખમુદ્રા નિહાળીને "મૌનં અનુમતમ્"ના ન્યાયે તેમના મૌનમાં રાણીઓએ તેમની વિવાહ કરવા માટેની સંમતિ માનીને શ્રીકૃષ્ણને વધામણી આપી.

શ્રીકૃષ્ણ તથા સ્વજનોએ ઉગ્રસેનરાજાની રૂપ અને લાવણ્યની સાક્ષાત્ મૂર્તિ સમાન નવયૌવન કુંવરી રાજીમતીને નેમિકુમારને માટે યોગ્ય જાણીને તેની સાથે સગાઈ કરી. કાળક્રમે લગ્નનો દિવસ આવતાં સૌ

પરિવારજનોના ખૂબ હર્ષોલ્લાસપૂર્વક શ્રીકૃષ્ણ નેમિકુમારને સાથે લઈને છપ્પનકોટિ યાદવોની જાન સહિત ઉગ્રસેનરાજાને આંગણે પધાર્યા.

રાજ મહેલની નજીક લગ્નમંડપને તોરણે આવતાં નેમિકુમારે પશુઓનો પોકાર સુણીને રથને ઊભો રાખ્યો. અવધિજ્ઞાનના બળે જાણતાં હોવા છતાં નેમિકુમાર પશુઓના આક્રંદનું કારણ જાણવા રથના સારથિને પૂછે છે, ઉત્તરમાં જાણવા મળ્યું કે "આપના વિવાહ નિમિત્તે સૌના ભોજન માટે આ પશુપક્ષીઓને અહીં લાવવામાં આવ્યા છે." આ શબ્દો સાંભળતાં જ કરૂણાસાગર નેમિકુમારે પોતાનો રથ તે પ્રાણીઓની સમીપ લઈ જવા માટે સારથિને સૂચન કર્યું.

નેમિકુમારનો રથ તે પશુઓના વાડાની નજીક પહોંચતાની સાથે જ નિર્દોષ પશુઓ ઊંચા થઈ થઈને આર્દ્રનયને પોતાની આંતરવ્યથાને ઠાલવતા હોય તેમ આતુરતાપૂર્વક ઊભા રહ્યા. નેમિકુમારે તેઓના નેત્રયુગલથી તેમની દયાજનક સ્થિતિને પામીને સૌ પશુ-પક્ષીઓને બંધનમુક્ત કરવાની આજ્ઞા ફરમાવીને પોતાનો રથ સ્વગૃહ તરફ પાછો વાળવાનો આદેશ ફરમાવ્યો.

વાતાવરણ પલ બે પલમાં અત્યંત ગમગીન બની ગયું, ચોતરફ સન્નાટો ફેલાઈ ગયો, નેમિકુમારનો રથ પાછો વળતો જોઈને માતા-પિતા તથા અન્ય સગા-સંબંધીઓએ નેમિકુમારને રોકવાના ખૂબ પ્રયત્નો

કર્યા પરંતુ વૈરાગ્યરસની મોજ માણતાં નેમિકુમારને હવે શિવવધૂ સિવાય અન્ય કોઈ કન્યાને પરણવાના અરમાન ન રહેતા તેમણે સંસારપ્રત્યે નિરીહ રહી સ્વગૃહ તરફ પ્રયાણ આદર્યુ.

આ તરફ પિયુમિલનના અનેક મનોરથોના મિનારે આરુઢ થયેલ રાજીમતી પ્રિયતમની વિદાયથી દારૂણ કલ્પાંત કરવા લાગી. આઠ આઠ ભવની પ્રીતના બંધનો પળવારમાં તૂટતાં નિહાળી આકુળવ્યાકુળ બનેલી રાજીમતી અત્યંત વ્યગ્ર ચિત્ત વાળી થઈ.

બસ ! બસ ! આ જ ક્ષણોના રાજીમતીના હૈયાના ભાવોને જાણે વાચા આપતાં ન હોય ? તે રીતે પ. પૂ.આ. ભાવપ્રભસૂરિ મહારાજાએ આ નેમિભક્તામરના આલંબનથી રાજીમતીની વિરહની વેદનાના ભાવોને શબ્દોની ગુંથણીમાં ગુંથીને એક અદ્‌ભુત કાવ્યની રચના કરી છે.

ચાલો ! હવે આપણે તે ઐતિહાસિક નેમિભક્તામરના આંતરવૈભવને આ નેમિભક્તામર મહાપૂજનના માધ્યમથી માણીએ...

## શ્રી ભાવપ્રભસૂરિવિરચિતમ્
## શ્રી નેમિભક્તામર મહાપૂજન

नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्य : ॥

१. भक्तामर ! त्वदुपसेवन एव राजीमत्या ममोत्कमनसो दृढतापनुत् त्वम्;
पद्माकरो वसुकलो वसुखोऽसुखार्ता, वालम्बनं भव जले पततां जनानाम् ॥ १ ॥

ભાવાર્થ : હે દેવાધિદેવ !

જેમ ગ્રીષ્મઋતુની કાળઝાળ ગરમીના અવસરે સરોવરનું શીતલજલ તુષાતુર જીવો માટે આધાર બને છે, સુકલાયુક્ત ચન્દ્ર જેમ ચકોર માટે આધાર બને છે, વિરહની વ્યથાથી પીડાતા ચક્રવાક મિથુન માટે સૂર્ય આધાર બને છે, વળી ઉન્માર્ગમાં પડતા જીવોને માટે દઢ તાપને દૂર કરનાર એવો તું જેમ આધાર બને છે તેમ

હે સ્વામી ! તારા ચરણકમલની સેવા કરવા ઉલ્લસિત મનવાળી એવી આ રાજીમતીનો તું આધાર થા !

એવું જણાવી રાજીમતી નેમિપ્રભુના ચરણકમલની ચાકરી માટે આજીજી કરે છે.

उज्जिंत सेल सिहरे, दिक्खा नाणं निसीहिआ जस्स
तं धम्म चक्कवट्टीं, अरिट्ठनेमिं नमंसामि
ॐ ह्रीं नमो अरिहंताणं सिद्धाणं सूरिणं उवज्झायाणं साहूणं
मम ऋद्धि वृद्धि समीहितं कुरु कुरु स्वाहा ॥

૨૭ ડંકાપૂર્વક નીચેનો મંત્ર બોલી પરમાત્મા તથા યંત્ર(પટ)ની અષ્ટપ્રકારી પૂજા કરવી....

ॐ ह्रीं श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय श्री गोमेध - अंबिका परिपूजिताय श्री नेमिजिनेन्द्राय जलं चन्दनं पुष्पं धूपं दीपं अक्षतं नैवद्यं फलानि यजामहे स्वाहा ॥

૨૭ મણકાની કાળી માળાથી ॐ ह्रीं अर्हं श्री नेमिनाथाय नमः ॥ અથવા
૧૦૮ મણકાની કાળી માળાથી ॐ नेमिनाथाय नमः ॥ નો જાપ કરવો.

नमोऽर्हत्...

२. पित्रोर्मुदे सह मयोपयमं यदीन्द्र ! नोरीकरिष्यसि तदा तव काऽत्र कीर्तिः ?;
जग्राह यो हि गृहिकर्म विधाय वृत्तं, स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम् ॥ २ ॥

ભાવાર્થ : હે નાથ !

માતા-પિતાની ઈચ્છાઓને પૂર્ણ કરવા માટે સજ્જનપુરુષો મોતની પણ પરવા કરતા નથી તેથી તારા માતા-પિતાની ઈચ્છા પૂર્ણ કરવા માટે પણ જો મારી સાથે લગ્ન નહીં કરે તો

હે સ્વામી ! આ જગતમાં તારી આબરૂ અને ઈજ્જત શું રહેશે ? વળી જો તું પૂજનીય એવા માતા-પિતાની પણ ઈચ્છા પૂર્ણ નહીં કરે તો પોતાના સ્વાર્થ ખાતર સગા મા-બાપને પણ નિરાશ કરતાં એવા તારા નામ સ્મરણ અને સ્તુતિ-સ્તવનાને બદલે જેણે પ્રથમ ગૃહસ્થધર્મનો સ્વીકાર કરી દીક્ષાને ગ્રહણ કરી છે એવા પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ (આદિનાથ) ભગવાનની હું સ્તુતિ કરીશ.

**उज्जिंत सेल सिहरे, दिक्खा नाणं निसीहिआ जस्स**

**तं धम्म चक्कवट्टीं, अरिट्ठनेमिं नमंसामि**

**ॐ ह्रीं नमो अरिहंताणं सिद्धाणं सूरिणं उवज्झायाणं साहूणं**

**मम ऋद्धि वृद्धि समीहितं कुरु कुरु स्वाहा ॥**

૨૭ ડંકાપૂર્વક નીચેનો મંત્ર બોલી પરમાત્મા તથા યંત્ર(પટ)ની અષ્ટપ્રકારી પૂજા કરવી....

**ॐ ह्रीं श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय श्री गोमेध - अंबिका परिपूजिताय श्री नेमिजिनेन्द्राय जलं चन्दनं पुष्पं धूपं दीपं अक्षतं नैवेद्यं फलानि यजामहे स्वाहा ॥**

૨૭ મણકાની કાળી માળાથી ॐ ह्रीं अर्हं श्री नेमिनाथाय नमः ॥ અથવા

૧૦૮ મણકાની કાળી માળાથી ॐ नेमिनाथाय नमः ॥ નો જાપ કરવો.

नमोऽर्हत्...

३. रम्यं गृहं च रमणीं रमणीयराढां, भोगान् समं प्रवरबन्धुजनैरपास्य;
तारुण्ययुग् यदुपते ! त्वदृतेऽङ्ग दीक्षामन्यः क इच्छति जनः सहसा ग्रहीतुम् ? ॥ ३ ॥

ભાવાર્થ : હે યદુકુલનંદન !

મનોહર એવા રાજમહેલને, સુંદર રૂપલાવણ્યવાળી રમણીને (રાજમતીને), બાળપણથી ખેલકૂદાદિમાં સાથે રહેનારા એવા બંધુજનો વગેરે સાથેના ભોગનો ત્યાગ કરીને તારા સિવાય અન્ય કયો યુવાન દીક્ષા ગ્રહણ કરવાની ઈચ્છા રાખે ?

उज्जिंत सेल सिहरे, दिक्खा नाणं निसीहिआ जस्स
तं धम्म चक्कवट्टीं, अरिट्ठनेमिं नमंसामि
ॐ ह्रीं नमो अरिहंताणं सिद्धाणं सूरिणं उवज्झायाणं साहूणं
मम ऋध्दि वृध्दि समीहितं कुरु कुरु स्वाहा ॥

૨૭ ડંકાપૂર્વક નીચેનો મંત્ર બોલી પરમાત્મા તથા યંત્ર(પટ)ની અષ્ટપ્રકારી પૂજા કરવી....

**ॐ ह्रीँ श्रीँ परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय श्री गोमेध - अंबिका परिपूजिताय श्री नेमिजिनेन्द्राय जलं चन्दनं पुष्पं धूपं दीपं अक्षतं नैवेद्यं फलानि यजामहे स्वाहा ॥**

૨૭ મણકાની કાળી માળાથી **ॐ ह्रीँ अर्हं श्री नेमिनाथाय नमः ॥** અથવા

૧૦૮ મણકાની કાળી માળાથી **ॐ नेमिनाथाय नमः ॥** નો જાપ કરવો.

**नमोऽर्हत्...**

૪. **रोद्धुं क्षमो जिन ! करोऽपि ममाबलायास्त्वामुद्बलं हि भवदागमजातवीर्यः ;**

**न स्यान्मुनीश ! लवणेशगृहीतशक्तिः, को वा तरीतुमलमम्बुनिर्धिं भुजाभ्याम् ? ॥ ४ ॥**

ભાવાર્થ : હે વીતરાગ !

જો લવણસમુદ્રના સ્વામી પાસેથી શક્તિ પ્રાપ્ત કરનાર વ્યક્તિ જેમ પોતાના બે હાથ વડે સમુદ્રને તરવામાં સમર્થ બને છે, તેમ મારા જીવનમાં તારા આગમનથી અબળા એવી મારામાં પણ જે શક્તિ પ્રાપ્ત થયેલ છે તેના દ્વારા શું મારા હાથ તને દીક્ષા લેતા અટકાવવામાં સમર્થ નહીં બની શકે ?

उज्जिंत सेल सिहरे, दिक्खा नाणं निसीहिआ जस्स

तं धम्म चक्कवट्टीं, अरिट्ठनेमिं नमंसामि

ॐ ह्रीं नमो अरिहंताणं सिद्धाणं सूरिणं उवज्झायाणं साहूणं

मम ऋद्धिं वृद्धिं समीहितं कुरु कुरु स्वाहा ॥

૨૭ ડંકાપૂર્વક નીચેનો મંત્ર બોલી પરમાત્મા તથા યંત્ર(પટ)ની અષ્ટપ્રકારી પૂજા કરવી....

ॐ ह्रीं श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय श्री गोमेध - अंबिका परिपूजिताय श्री नेमिजिनेन्द्राय जलं चन्दनं पुष्पं धूपं दीपं अक्षतं नैवेद्यं फलानि यजामहे स्वाहा ॥

૨૭ મણકાની કાળી મા'ાથી ॐ ह्रीं अर्हं श्री नेमिनाथाय नमः ॥ અથવા

૧૦૮ મણકાની કાળી માળાથી ॐ नेमिनाथाय नमः ॥ નો જાપ કરવો.

नमोऽर्हत्...

૫. भद्रं चकर्थ पशवेऽपि यथा तथा त्वं, तूर्णं कृपापर ! ममैह्यसुरक्षणार्थम्;
रिष्टाश्रितां खलु धवो महिलां समन्तुं, नाभ्येति किं निजशिशोः परिपालनार्थम् ? ॥ ५ ॥

ભાવાર્થ : હે દયાનિધિ !

જેમ તેં પશુઓના પ્રાણની રક્ષા ખાતર તેના ઉપર દયા આણી તેનું કલ્યાણ કર્યું છે તેમ હું તારા વિરહની વેદનાથી મૃત્યુના દ્વાર ભણી ધકેલાયેલ છું તો તું મારા પ્રાણની રક્ષા કરવા માટે શીઘ્ર આવ !

શું પોતાના બાળકના બચાવ માટે કષ્ટમાં સપડાયેલ અપરાધી એવી પણ પોતાની પત્નીને બચાવવા માટે તેનો પતિ પુરુષાર્થ નથી કરતો ?

**उज्जिंत सेल सिहरे, दिक्खा नाणं निसीहिआ जस्स**

**तं धम्म चक्कवट्टीं, अरिट्ठनेमिं नमंसामि**

**ॐ ह्रीं नमो अरिहंताणं सिद्धाणं सूरिणं उवज्झायाणं साहूणं**

**मम ऋद्धि वृद्धि समीहितं कुरु कुरु स्वाहा ॥**

૨૭ ડંકાપૂર્વક નીચેનો મંત્ર બોલી પરમાત્મા તથા યંત્ર(પટ)ની અષ્ટપ્રકારી પૂજા કરવી....

**ॐ ह्रीं श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय श्री गोमेध - अंबिका परिपूजिताय श्री नेमिजिनेन्द्राय जलं चन्दनं पुष्पं धूपं दीपं अक्षतं नैवेद्यं फलानि यजामहे स्वाहा ॥**

૨૭ મણકાની કાળી માળાથી **ॐ ह्रीं अर्हं श्री नेमिनाथाय नमः ॥** અથવા

૧૦૮ મણકાની કાળી માળાથી **ॐ नेमिनाथाय नमः ॥** નો જાપ કરવો.

नमोऽर्हत्...

६. तीक्ष्णं वचोऽप्यभिहितं मयका हितं यत्, तत् ते भविष्यतितरां फलवृद्धिसिद्धयै;

यद्हेलीधाम तपतीश ! भृशं निदाघे, तच्चारुचूत कलिका निकरैक हेतुः ॥ ६ ॥

ભાવાર્થ : હે નાથ !

ગ્રીષ્મઋતુના અત્યંત તપતાં સૂર્યના કિરણોથી જ આંબાને મનોહર એવી મંજરીની પ્રાપ્તિ થાય છે તે રીતે કઠોર પરંતુ હિતકારી એવા મારા આ આકરા અને અણગમતા વચનો પણ તારા રાજ્યાદિક સમૃદ્ધિના સુખરૂપી મીઠાં ફળની વૃદ્ધિ માટે જ થશે.

उज्जिंत सेल सिहरे, दिक्खा नाणं निसीहिआ जस्स

तं धम्म चक्कवट्टीं, अरिट्ठनेमिं नमंसामि

ॐ ह्रीं नमो अरिहंताणं सिद्धाणं सूरिणं उवज्झायाणं साहूणं

કેવલ દીક્ષા કલ્યાણકભૂમિ, નેમિજિન ચૈત્ય ઉદાર રે;
પ્રદક્ષિણા કાઉસ્સગ્ગ કરીજે, અષ્ટોત્તર શતવાર રે... ॥ ૩ ॥

ચોવિહાર છઠ્ઠ કરી સાત યાત્રા, ગજપદના જલે સ્નાન રે;
ચૌદ ચૈત્ય નવવાર નમીજે, દેવવંદન ગુણગાન રે... ॥ ૪ ॥

છએ આરે ઇણ ગિરિના, વિધ વિધ નામ વખાણો રે;
યોજન છવ્વીસ વીસ ષોડશ દસ બે, છઠ્ઠે ચઉશત હસ્ત માનોરે... ॥ ૫ ॥

નવ્વાણું ગિરિ નામ ભલેરા, તેહમાં ષટ્ છે મુખ્ય રે;
'કૈલાસગિરિ' થયો પહેલે આરે, 'ઉજ્જયંત' બીજે પૂજ્ય રે... ॥ ૬ ॥

ત્રીજે આરે 'રૈવતગિરિ' મોહે, ચોથે 'સ્વર્ણગિરિ' પ્રસિદ્ધ રે;
ઇણ પાવન તીર્થે આવીને, અનંત તીર્થંકર સિદ્ધ રે... ॥ ૭ ॥

પાંચમે આરે 'ગિરનાર' સોહે, છઠ્ઠે 'નંદભદ્ર' જણાય રે;
'પારસગિરિ' 'યોગેન્દ્ર' 'સનાતન', ગિરિવર નામ કહાય રે... ॥ ૮ ॥

ગિરનાર ભક્તિ રંગ થકી રે, ઉપન્યો નેહ અપાર રે;
હેમ વદે એ તીરથ સેવંતા, ભવજલ પાર ઉતાર રે... ॥ ૯ ॥

(કાવ્યમ્-અનુષ્ટુપ)
અનંતમહિમાવન્તં, દીક્ષાકેવલ સિદ્ધિદં; સદા કલ્યાણકૈઃ પૂતં, વન્દે તં રૈવતાચલં.

(અથમંત્ર)
ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય,
શ્રીમતે જિનેન્દ્રાય, જલાદિકં યજામહે સ્વાહા

॥ ઇતિ પ્રથમ પૂજાભિષેકે ઉત્તરપૂજા ૯ સંપૂર્ણ ॥

## દ્વિતીય પૂજા

### ભૂમિકા

આ પૂજામાં ગિરનારજી મહાતીર્થની સાત ટૂંકોના નામોનો ઉલ્લેખ કરવા સાથે આ ગિરિરાજની પ્રદક્ષિણા કરનારના દુઃખ અને દુર્ભાગ્ય દૂર નાશી જાય છે તેવું જણાવવામાં આવેલ છે.

આ સાતટૂંકની પ્રથમટૂંક ઉપર મહાપ્રભાવશાળી ગજપદ કુંડ આવેલ છે તેના ઉદ્‌ગમના પ્રસંગની વાતો તથા અત્યંત દુર્ગંધ ધરાવતી દુર્ગંધાનામની સ્ત્રી આ પાવનકુંડના નિર્મળજલથી સ્નાન કરવાના પ્રભાવે સુરભિપણાને પામે છે તેવું જણાવી આ પવિત્ર જલના પાન અને અર્ચન દ્વારા પ્રાપ્ત થતાં ફળ અંગે દષ્ટિપાત કરાવવામાં આવેલ છે.

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

:: દુહો ::

સાત ટૂંક ગિરનારની, આપે સપ્તમરાજ; ગજપદ કુંડનું પાવન જલ, કાપે કર્મને આજ.

:: ઢાળ ::

<u>(રાગ : ગિરિવર દરિશન વિરલા પાવે)</u>

ગિરનાર ગિરિવર નયણે નિરખે, પૂરવ ભવ કેરા પુણ્ય પસાયે;<br>
પરિકમ્મા સાત ટૂંક કરે જે, દુઃખ દોહગ તસ દૂર પલાયે ॥ ૧ ॥

જય ગિરનારજી — જય નેમિનાથજી

જય ગિરનાર જી

દેવકોટ નામે પહેલે શિખરે, અનુપમ ચઉદ જિનાલય સોહે;
બીજે અંબાજી ગોરખ ત્રીજે, ચોથે ઓઘડ મુજ મન મોહે ॥ ૨ ॥

પરમપદદાયક પંચમ શિખરે, નેમ પ્રભુજી મોક્ષે સિધાવે;
છઠ્ઠે અનસુયા સાતમે કાલિકા, સપ્ત શિખર ઈમ ગિરિ સુહાવે ॥ ૩ ॥

આવંત ઈન્દ્ર ઇંણગિરિ ઉપરે, ગજપદ ઠાવીને કુંડ બનાવે;
નેમિ જિણંદની પૂજા કાજે, ત્રિભુવન પાવક જલ તિંહા લાવે ॥ ૪ ॥

દ્વિજકુલ પામી પૂરવ ભવમાં, સાધુ દુગંછા કરે તીવ્ર ભાવે;
કર્મવશે ભવરણમાં ભમીને, દુર્ગંધા દૂરભિપણું પાવે ॥ ૫ ॥

ગજપદ કુંડનો મહિમા સુણીને, રૈવતગિરિવર યાત્રાએ આવે;
સાત દિવસ તસ પાવન જલથી, સ્નાન કરી સુગંધિત થાવે ॥ ૬ ॥

પાવન એ જલપાનથી ભવિના, સઘળાં રોગો પલમાં જાવે;
નિરમલનીરથી જિનને અર્ચી, સર્વ તીરથ પૂજન ફળ પાવે ॥ ૭ ॥

'સુરભિ' 'ઉદય' 'તાપસ' 'આલંબન', 'પરમગિરિ' 'શ્રીગિરિ' કહાવે;
'સપ્તશિખર' 'ચૈતન્યગિરિવર', 'અવ્યયગિરિ' ના સુરગુણ ગાવે ॥ ૮ ॥

જય નેમિનાથ જી

॥ ૧૬૫ ॥

ધ્યેય રૂપે ગિરિવર ધ્યાવંતા, આનંદઘન આતમ આરાધે;
હેમ પરે તપ તાપે તપીને, ત્રિભુવન વલ્લભ શિવસુખ સાધે ॥ ૯ ॥

(કાવ્યમ્-અનુષ્ટુપ)
અનંતમહિમાવન્તં, દીક્ષાકેવલ સિદ્ધિદં; સદા કલ્યાણકૈઃ પૂતં, વન્દે તં રૈવતાચલં.

(અથમંત્ર)
ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય,
શ્રીમતે જિનેન્દ્રાય, જલાદિકં યજામહે સ્વાહા

॥ ઇતિ દ્વિતીય પૂજાભિષેકે ઉત્તરપૂજા ૧૮ સંપૂર્ણ ॥

## તૃતીય પૂજા

### ભૂમિકા

આ પૂજામાં પ્રાયઃશાશ્વત એવા ગિરનાર ગિરિવરના જિનાલયોના વર્તમાન અવસર્પિણીના ચોથા આરામાં થયેલા અનેકવિધ જીર્ણોદ્ધાર પૈકી મુખ્ય જીર્ણોદ્ધારોના નામ નિર્દેશ કરવામાં આવેલ છે. જેમાં યુગાદિજિન ઋષભદેવ પરમાત્માના પુત્ર ચક્રવર્તી ભરત મહારાજા દ્વારા સૌપ્રથમ જીર્ણોદ્ધારનો મંગલપ્રારંભ થાય છે અને ચોથા આરાના મુખ્ય ઉદ્ધારો પૈકી અંતિમ ઉદ્ધાર કરવાનું શ્રેય કાશ્મીરદેશથી સંઘ લઈને આવેલ રત્નશ્રાવકના નામે લખાય છે.

આજે પણ ગિરનારજી મહાતીર્થ ઉપર મૂળનાયક બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ પરમાત્માની જે પ્રતિમા બિરાજમાન છે તે આ રત્નશ્રાવક દ્વારાજ પધરાવવામાં આવેલ છે. પૂજાના અંતિમભાગમાં ગિરિના વિવિધ નામોના ઉલ્લેખ કરવા સાથે ગિરિના આ નામોના સ્મરણમાત્ર અને ધ્યાન કરવાથી પ્રાપ્ત થતાં લાભો તરફ અંગુલીદર્શન કરાવવામાં આવેલ છે.

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

:: દુહો ::

ભરત ક્ષેત્રના માનવી, ચોથા આરા મોઝાર; જિનવર દરશન લહે, કરે આતમ ઉદ્ધાર.

:: ઢાળ ::

(રાગ : સિદ્ધાચલ શિખરે દીવો રે...)

ગિરનારે ચિત્તડું ચોર્યું રે, નેમીશ્વરે મન મોહ્યું રે;
વિણ દરિસણ આયખું ખોયું રે, નેમીશ્વરે મન મોહ્યું રે
આતમઉદ્ધારને કરવા રે, નેમીશ્વરે મન મોહ્યું રે;
કીધા ઉદ્ધાર ગિરિ ગરવા રે, નેમીશ્વરે મન મોહ્યું રે, ગિરનારે ચિત્તડું... ॥ ૧ ॥

ભરતેસર પહેલા આવે રે, નેમી... નમે ચોથે આરે ભાવે રે, નેમી...
તીન કલ્યાણક નેમના જાણે રે, નેમી... સુરસુંદર ચૈત્ય રચાવે રે, નેમી...
ગિરનારે ચિત્તડું... ॥ ૨ ॥

દંડવીર્ય અષ્ટમ પાટે રે, નેમી... કરી ઉદ્ધાર નેમનાથ ભેટે રે, નેમી...
હરિ અજિતનાથને આંતરે રે, નેમી... ચઉ ઉદ્ધાર ગિરિ શણગારે રે નેમી...
ગિરનારે ચિત્તડું... ॥ ૩ ॥

કોડી સાગર લાખ અગ્યાર રે, નેમી... સપ્તમ સગર ઉદ્ધાર રે, નેમી...
ચન્દ્રયશ ચન્દ્રપ્રભ શાસને રે, નેમી... કરે તીર્થોદ્ધાર બહુમાને રે, નેમી...
ગિરનારે ચિત્તડું... ॥ ૪ ॥

ચક્રધર શાંતિનાથ સુત રે, નેમી... તસ નવમ ઉદ્ધાર હુંત રે, નેમી...
રામચન્દ્રનો દસમો ઉદ્ધાર રે, નેમી... અગ્યારમો પાંડવ સાર રે, નેમી...
ગિરનારે ચિત્તડું... ॥ ૫ ॥

રત્નશ્રાવકે બારમો કીધો રે, નેમી... પ્રભુ થાપી દર્શનામૃત પીધું રે, નેમી...
પ્રભુ બેઠા પશ્ચિમા મુખ રે, નેમી... ભાંગે ભવિજનના દુઃખ રે, નેમી...
ગિરનારે ચિત્તડું... ॥ ૬ ॥

'ધ્રુવ' 'પરમોદય' 'નિસ્તાર' રે, નેમી... 'પાપહર' 'કલ્યાણક' સાર રે, નેમી...
'વૈરાગ્યગિરિ' 'પુણ્યદાયક' રે, નેમી... 'સિદ્ધપદગિરિ' 'દષ્ટિદાયક' રે, નેમી...
ગિરનારે ચિત્તડું... ॥ ૭ ॥



॥ ૧૬૮ ॥

નામે નિર્મલ હોવે કાયા રે, નેમી... પ્રભુ ધ્યાને નાશે જગમાયારે, નેમી...
ગિરિ દરિસણ ફરશન યોગે રે, નેમી... હેમ સુખીયો કર્મ વિયોગે રે, નેમી...
ગિરનારે ચિત્તડું... ॥ ૮ ॥

(કાવ્યમ્-અનુષ્ટુપ)

અનંતમહિમાવન્તં, દીક્ષાકેવલ સિદ્ધિદં; સદા કલ્યાણકૈઃ પૂતં, વન્દે તં રૈવતાચલં.

(અથમંત્ર)

ૐ હ્રીઁ શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય,
શ્રીમતે જિનેન્દ્રાય, જલાદિકં યજામહે સ્વાહા

॥ ઈતિ તૃતીય પૂજાભિષેકે ઉત્તરપૂજા ૨૭ સંપૂર્ણ ॥

## ચતુર્થ પૂજા

### ભૂમિકા

આ પૂજામાં ગિરનારજી મહાતીર્થના પાંચમા આરામાં થયેલા વિવિધ ઉદ્ધારો પૈકી મુખ્ય ઉદ્ધાર કરાવનાર પુણ્યાત્માઓની નામાવલી દર્શાવવામાં આવેલ છે. આ સિવાયના પણ અનેક ભાગ્યશાળીઓ દ્વારા નાના-મોટા ઉદ્ધારના કાર્યો કરાવવામાં આવેલ છે, પરંતુ તે દરેક ઉદ્ધારની નોંધ અત્રે લેવામાં આવેલ નથી.

આ પાંચમા આરાના ઉદ્ધારોમાં વિશિષ્ટતાએ છે કે સૌપ્રથમ ઉદ્ધાર કરાવનાર અનાર્યદેશ બેબીલોનના રાજા નેબુચન્દ્ર હતા. આ નેબુચન્દ્ર રાજા પરમાત્મા મહાવીરના શાસનના શ્રેણીક મહારાજાના મિત્ર હતા, તેમના પુત્ર આર્દ્રકુમારે અભયકુમારના પરિચયમાં આવીને દીક્ષા ગ્રહણ કરી હતી. પુત્રમુનિ આર્દ્રકુમારને શોધવા માટે પિતા નેબુચન્દ્ર મહારાજા ભારતમાં આવે છે ત્યારે જૈનધર્મથી પ્રભાવિત થઈ ગિરનાર ઉપરના બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ પરમાત્માના જીર્ણ હાલતમાં રહેલા જિનાલયને જોઈને તેમણે તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. તેવું ઈ.સ. ૧૯૩૫ માં પ્રભાસપાટણમાં મળી આવેલ તામ્રપત્રના આધારે અનુમાન કરવામાં આવે છે, વળી (નેબુચન્દ્ર રાજા તથા પ્રભુ મહાવીરના કાળની વિચારણા કરતાં આ ઉદ્ધાર ચોથા આરાના છેલ્લા ૫૦ વર્ષ દરમ્યાન થયો હોય તેવી પણ સંભાવના છે. તત્ત્વતો કેવલી ભગવંત જાણે.) ત્યારબાદ ગિરિના અનેક ઉદ્ધાર થયા હતા જેમાં વર્તમાનમાં ગિરનારના મૂળનાયક શ્રી નેમિનાથ પરમાત્માના જિનાલયનો ઉદ્ધાર વિ.સ. ૧૧૮૫ની સાલમાં પાટણનરેશ સિદ્ધરાજ જયસિંહના મંત્રી સજ્જન દ્વારા કરાવવામાં આવેલ હતો જેને " કર્ણ વિહાર " નામ આપવામાં આવ્યુ હતું. વિશ્વમાત્રમાં પ્રાયઃ એક માત્ર એવો આ પ્રાસાદ શ્યામવર્ણના ગ્રેનાઈટના પાષાણમાંથી બનાવવામાં આવેલ છે. ત્યારબાદ આ તીર્થના અનેક ઉદ્ધાર થયા પરંતુ શ્રી નેમિનાથ પરમાત્માના આ પ્રાસાદને યથાવત્ રાખીને તે ઉદ્ધાર કાર્યો થયા છે.

તાજેતરમાં લગભગ ૪૦ વર્ષ પૂર્વે જયારે શ્રી નેમિનાથ પ્રભુના દીક્ષા-કેવળજ્ઞાન કલ્યાણકની પાવનભૂમિ-સહસાવન તરફ સમસ્ત જૈનસંઘ દ્વારા ઉપેક્ષા સેવાતી હતી તેવા અવસરે તપસ્વી સમ્રાટ પ.પૂ. આ. હિમાંશુસૂરીશ્વરજી મહારાજ સાહેબના પ્રચંડ પુરુષાર્થ અને પુણ્યપ્રભાવથી આ સહસાવનની કલ્યાણકભૂમિમાં પરમાત્માના કેવળજ્ઞાન કલ્યાણકની સ્મૃતિ અર્થે અત્યંત નયનરમ્ય વિશાળ સમવસરણ મંદિરનું નિર્માણ વિ.સ. ૨૦૪૦ ની સાલમાં કરવામાં આવેલ છે.

જેના કારણે આજે આ કલ્યાણકભૂમિ સુરક્ષિત છે અને તેનો મહિમા ભવ્યજીવોના હૈયાસુધી પહોંચી ગયેલ છે. આ રીતે અનેક પુણ્યાત્માઓ આ તીર્થના માહાત્મ્યનું શ્રવણ કરી તીર્થભક્તિના ફળસ્વરૂપે સદ્‌ગતિ અને સિદ્ધિગતિના ભોક્તા બનવા સમર્થ થયા છે.

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

:: દુહો ::

પંચમકાળના માનવી, હૈયે હરખ અપાર; નિજ નિજ શક્તિ થકી, ઉદ્ધાર કરે ગિરનાર.

:: ઢાળ ::

(રાગ : હે ત્રિશલાના જાયા...)

જે ગિરનારને ધ્યાયા, દોષો દૂર પલાયા;
ગિરિવર કેરા ઉદ્ધાર કરાયા, જીવો સદ્‌ગતિ પાયા... જે ગિરનાર... ॥ ૧ ॥

અનાર્યદેશ બેબીલોનના, નેબુચન્દ્ર મહારાયા (૨)
પુત્રમુનિ આદ્રકુમારને, શોધન કાજે આયા (૨)
નેમિજિનાલય જીરણ દેખી, જીર્ણોદ્ધાર કરાયા... જે ગિરનાર... ॥ ૨ ॥

બપ્પભટ્ટસૂરીશ્વર સાથે, આમરાજ ગિરિ આયા (૨)
નિજસંપત્તિ વ્યય કરીને, શાસનશાન બઢાયા (૨)
એક એક મંદિર સાર કરીને, હર્ષોલ્લાસ ધરાયા... જે ગિરનાર... ॥ ૩ ॥

જ ય ગિ ર ના ર જી

સિદ્ધરાજનૃપ સજ્જનમંત્રી, રૈવતગિરિવર આયા (૨)
ગામેગામથી ઉદ્ધાર કાજે, શિલ્પીઓ બુલાયા (૨)
કર્ણવિહાર પ્રાસાદ કરાવી, જગમાં કીર્તિ પાયા... જે ગિરનાર... ॥ ૪ ॥

વસ્તુપાળને તેજપાળ વળી, કુમારપાળ તિંહા આયા (૨)
સમરસિંહ હરપતિ શ્રીમાળી, ચૌદમા સૈકે આયા (૨)
જયતિલક સૂરિ આણા લઈને, નેમિભવન સમરાયા... જે ગિરનાર... ॥ ૫ ॥

માલવદેવ પંદરમે સૈકે, કલ્યાણત્રય રચાયા (૨)
લક્ષ્મીતિલક નરપાલ સજાવે, પૂર્ણસિંહ મનભાયા (૨)
ચતુર્મુખ લક્ષોબા કરાવે, વર્ધમાન પદ્મ આયા... જે ગિરનાર... ॥ ૬ ॥

શાણરાજ ભુંભવ તિહાં આયા, ઈન્દ્રનીલ બનાયા (૨)
પ્રેમા સંગ્રામસોની ઉદ્ધરિયા, માનસિંહ અપર બનાયા (૨)
નરશી કેશવ વીસમી સદીમાં, નીતિસૂરિ મહારાયા... જે ગિરનાર... ॥ ૭ ॥

નેમપ્રભુએ દીક્ષા-કેવલ, સહસાવનમેં પાયા (૨)
પાવન વહ ભૂમિકા મહિમા, જબસે ધ્યાનમેં આયા (૨)
હિમાંશુસૂરિરાયને ઉસકા, તીર્થોદ્ધાર કરાયા... જે ગિરનાર... ॥ ૮ ॥

જ ય ને મિ ના થ જી

આંબડમંત્રી માનસિંહ મેઘજી, પાજગિરિ સમરાયા (૨)
પેથડ-ઝાંઝણ એ ગિરિ આયા, તીરથ ધ્વજ લહેરાયા (૨)
નામી અનામી કેઈ પુણ્યવાન, ગિરિવર ભક્તિ પાયા... જે ગિરનાર... ॥ ૯ ॥

ગિરિભક્તિનો મહિમા મોટો, કહેતા નાવે પારા (૨)
જિનવચણને સૂણતાં સૂણતાં, કર દે ભવનિસ્તારા (૨)
આતમ અનુભવ તત્ત્વ પ્રકાશી, પંચમગતિ દાતારા... જે ગિરનાર... ॥ ૧૦ ॥

'ઈન્દ્ર' 'નિરંજન' વિશ્રામગિરિવર, 'પંચમગિરિ' ગુણગાયા (૨)
'ભવચ્છેદક' ને 'આશ્રયગિરિવર', 'સ્વર્ગ ' 'સમત્વ' સુખપાયા (૨)
'અમલગિરિ' કે જાપ ને હેમકો, આતમરામ બનાયા... જે ગિરનાર... ॥ ૧૧ ॥

(કાવ્યમ્-અનુષ્ટુપ)
અનંતમહિમાવન્તં, દીક્ષાકેવલ સિદ્ધિદં; સદા કલ્યાણકૈઃ પૂતં, વન્દે તં રૈવતાચલં.

(અથમંત્ર)
ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય,
શ્રીમતે જિનેન્દ્રાય, જલાદિકં યજામહે સ્વાહા

॥ ઈતિ ચતુર્થ પૂજાભિષેકે ઉત્તરપૂજા રૂફ સંપૂર્ણ ॥

## પંચમ પૂજા

### ભૂમિકા

આ પૂજામાં પ્રારંભમાં જ પરમાત્મા સાથેની અવિહડ પ્રીતની વાત કરી નેમિનાથ પ્રભુનું મુખડું નિરખતાં હૈયું આનંદથી ઉલ્લસિત થયાના ભાવો વ્યક્ત કરવામાં આવ્યા છે.

વર્તમાનમાં ગિરનારના શિખરે બિરાજમાન શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમાના ઈતિહાસની વાતો કરતા કહેવામાં આવે છે કે ગત ચોવીસીના સાગર નામના ત્રીજા તીર્થંકર પ્રભુના કાળમાં પાંચમા દેવલોકના ઈન્દ્ર દ્વારા ભરાવેલી આ પ્રતિમાજી છે, જે વર્તમાન વિશ્વમાં પ્રાયઃ આ એકમાત્ર એવી પ્રતિમાજી હશે જે બ્રહ્મલોકના દેવ દ્વારા તૈયાર કરવામાં આવી અને અસંખ્યાતા વર્ષો સુધી પાંચમા દેવલોકમાં પૂજાયેલી હતી. અહીં પૂજાની રચનામાં શબ્દો અને અર્થની સુંદર ગુંથણી કરીને " હરિ " શબ્દનો એક અર્થ " ઈન્દ્રમહારાજા " અને બીજો અર્થ " કૃષ્ણમહારાજા " તરીકે લઈને પંક્તિને અત્યંત રોચક બનાવવામાં આવી છે.

પાંચમા દેવલોકમાં પૂજાયેલી આ પ્રતિમા ઈન્દ્ર મહારાજા દ્વારા બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ પ્રભુના સુચનથી કૃષ્ણ મહારાજાના ગૃહચૈત્યમાં પધરાવવામાં આવે છે ત્યારબાદ દ્વારિકાનગરીના દાહ અવસરે આ પ્રતિમાજીને શાસન અધિષ્ઠાયિકા અંબિકાદેવી ગિરનારની ગુફામાં પધરાવી અવસરે રત્નશ્રાવકને આ પ્રભુજી અર્પણ કરે છે. રત્નશ્રાવક તે પ્રભુજીને ગિરનારની પ્રથમ ટૂંક ઉપર લગભગ ૮૫ હજાર વર્ષ પૂર્વે સ્થાપન કરે છે, જે આજે પણ ગિરનાર ઉપર બિરાજમાન છે.

આવા ગૌરવશાળી ગિરનારને રોમે રોમ અને શ્વાસોશ્વાસમાં વસાવીને તેનો જાપ કરવામાં આવે તો આ ભવસંસાર તરવો અતિસરળ બની જાય છે.

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

:: દુહો ::

નયન નિરૂપમ જેમના, રમણીય રૂપ દેદાર; એવા નેમિનાથથી, શોભે ગઢ ગિરનાર.

:: ઢાળ ::

(રાગ : કયું કર ભક્તિ કરૂં પ્રભુ તેરી...)

નેમિ નિરંજન કિમહી ન વિસરે, મનમોહનકી મોહનગારી,
મૂરત દેખી હિયડું હરખે ॥ ૧ ॥

ગતચોવીસી ત્રીજાપ્રભુ મુખે, બ્રહ્મેન્દ્ર નિજ મુક્તિ જાણી;
અંજનરત્ન નેમપ્રભુની, ભરે પ્રતિમા ભક્તિ આણી ॥ ૨ ॥

અસંખ્યકાળ તે પ્રભુને પૂજી, હરિ તે પ્રતિમા હરિને આપે;
દ્વારિકા નાશ થતાં જિનબિંબને, અંબિકા નિજ ભવને સ્થાપે ॥ ૩ ॥

નેમ નિર્વાણ સહસદોય વર્ષે, રત્નાશા છ'રીપાલિત આવે;
ગજપદ જલના કળશા ભરીને, વેળુબિંબ ભવિજન નવરાવે ॥ ૪ ॥



॥ १७५ ॥

ગલત પ્રતિમા પ્રભુની પેખી, આહાર ચાર રત્ન તિંહા ત્યાગે;
ઉપવાસ કરી એકમાસને અંતે, શાસનદેવી અંબિકા જાગે ॥ ૫ ॥

વજ્ર અભેદ્ય રત્નની પડિમા, કલિકાલ જાણી આપે રતનને;
નેમિનાથ મૂરત પધરાવી, શોભાવે ગિરનારગિરિને ॥ ૬ ॥

'જ્ઞાનોદ્યોતગિરિ' 'ગુણનિધિ', 'સ્વયંપ્રભ' નામે પાપ પલાયે;
'અપૂર્વગિરિ' 'પૂર્ણાનંદગિરિવર', 'અનુપમગિરિ'પરે મુગતે જાયે ॥ ૭ ॥

'પ્રભંજનગિરિ' 'પ્રભવગિરિવર', શોભે મહિતલ અદ્ભુત કાયે;
'અક્ષયગિરિ' એ સોરઠદેશની, પૃથ્વી સઘળી પાવન થાયે ॥ ૮ ॥

રોમે રોમે ગિરનાર ગુંજે, શ્વાસે શ્વાસે નેમિનાથ બિરાજે;
હેમવલ્લભ કહે નામ પ્રભુનું, જપીએ ભવજલ તરવા કાજે ॥ ૯ ॥

(કાવ્યમ્-અનુષ્ટુપ)

અનંતમહિમાવન્તં, દીક્ષાકેવલ સિદ્ધિદં; સદા કલ્યાણકૈઃ પૂતં, વન્દે તં રૈવતાચલં.

(અથમંત્ર)

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય,
શ્રીમતે જિનેન્દ્રાય, જલાદિકં યજામહે સ્વાહા

॥ ઈતિ પંચમ પૂજાભિષેકે ઉત્તરપૂજા ૪૫ સંપૂર્ણ ॥

## ષષ્ઠમ પૂજા

### ભૂમિકા

આ પૂજામાં ગિરનાર માહાત્મ્યની વાતો કરતાં પ્રારંભમાં જ કહેવામાં આવે છે કે જો ગિરનારનો સાથ મળે અને નેમિનાથ પ્રભુનો હાથ મસ્તકે પડી જાય તો આ આત્માને જગતમાં કઈ વાતની ઓછપ હોય !

ગિરિનો મહિમા વર્ણવતા જણાવવામાં આવે છે કે ગિરનાર સિવાય અન્ય કોઈ પણ સ્થાન પર રહ્યા રહ્યા પણ જો ગિરનારનું ધ્યાન ધરવામાં આવે તો અનાદિકાળથી ચતુર્ગતિમાં ભ્રમણ કરતો આ આત્મા ચોથા ભવે મુક્તિપદ પામવા સમર્થ બની શકે છે. વળી આ ગિરિના શરણે જઈને કેટલાય પાપી-ઘાતક-વ્યસની આત્માઓ શાશ્વતસુખના ભોગી બન્યા છે, જિનશાસનના કંઈક વીરલાઓએ આ તીર્થની ભક્તિ દ્વારા પોતાના માનવભવને સફળ કરેલ છે.

અરે ! જે પક્ષીની છાયા પણ આ ગિરિ ઉપર પડે તેના દુર્ગતિના ભ્રમણ અટકી જાય છે અને ત્રસ-સ્થાવર જે કોઈ તિર્યંચ જીવો આ ગિરિના સાંનિધ્યમાં રહે છે તેના પરમપદ તરફના ગમનનો પ્રારંભ થતાં કર્મમલને હળવા કરી તેઓ શીઘ્ર મુગતિગામી થાય છે.

અંતે ખૂબજ સુંદર વાત કરી છે કે જેમ પારસમણિના સ્પર્શમાત્રથી કથીર પણ કંચન અર્થાત્ સુવર્ણ બની જાય છે અને સાક્ષાત્ હેમના એટલે કે સુવર્ણના જેવા ગુણો હોય તેવા જ ગુણોને પામે છે તેજ રીતે રૈવતગિરિના સ્પર્શમાત્રથી અનાદિકાળના ભવભ્રમણ દરમ્યાન અશુદ્ધકર્મમલથી

દૂષિત થયેલો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા જગતમાં વલ્લભ અર્થાત્ પ્રિય એવા વીતરાગપણાને પામીને મોક્ષપદને પ્રાપ્ત કરે છે.

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

:: દુહો ::

અહો અહો એ ગિરનારની, સ્તવના અતિ સુખદાય; પૂજો વંદો શુભભાવથી, પાતિક સવિ દૂર પલાય

:: ઢાળ ::

(રાગ : ઋષભ જિનરાજ મુજ...) (જાગને જાદવા...)

સાથ ગિરનારનો હાથ નેમનાથનો, હોય જો મસ્તકે તો શો તોટો;
અન્ય સ્થાને રહી ધ્યાવે રૈવતગિરિ, ચોથે ભવ પામતો મોક્ષ મોટો... ॥ ૧ ॥

માત તાત ઘાતકી પાતકી અતિ ઘણો, રાય ભીમસેન ગિરનાર આવે,
મુનિ બની મૌનધરી અષ્ટદિન તપ તપી, ઉજ્જયંતગિરિએ મુગતિ પાવે... ॥ ૨ ॥

વસ્તુપાલ તેજપાલ મંત્રી સાજનને, ધાર, પેથડ શ્રાવક ભીમો;
તીર્થભક્તિ કરી તન મન ધન થકી, મનુજ અવતાર તસ સફલ કીનો... ॥ ૩ ॥

છાયા પણ પક્ષીની આવી પડે ગિરિવરે, ભ્રમણ દુર્ગતિતણા નાશ થાવે;
જલ થલ ખેચરા ઇણ ગિરિ પર રહી, ત્રીજે ભવ મોક્ષ મોઝાર જાવે... ॥ ૪ ॥

વ્યક્ત ચેતન રહિત પૃથ્વી અપ તેજસા, વાયુ પાદપ ગિરનાર પામી;
તીર્થ મહિમા થકી કર્મ હળવા કરી, સવિ થયા તેહથી મુગતિ ગામી... ॥ ૫ ॥

‘ રત્ન ’ ‘પ્રમોદ’ ‘ પ્રશાંત ’ ‘ પદ્મગિરિ ’, ‘ સિદ્ધશેખર ’ ભવિ પાપ જાવે;
‘ ચન્દ્ર-સુરજ ગિરિ ’ ‘ ઈન્દ્રપર્વતગિરિ ’, ‘ આત્માનંદ ’ ગિરિવર કહાવે...॥ ૬ ॥

કથીર કાંચન હૂવે પારસના યોગથી, હેમ પરે શુદ્ધ નિજ ગુણ પાવે;
તિમ રૈવતગિરિ યોગથી આતમા, પદવી વલ્લભ લહી મોક્ષ જાવે... ॥ ૭ ॥

(કાવ્યમ્-અનુષ્ટુપ)
અનંતમહિમાવન્તં, દીક્ષાકેવલ સિદ્ધિદં; સદા કલ્યાણકૈઃ પૂતં, વન્દે તં રૈવતાચલં.

(અથમંત્ર)
ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય,
શ્રીમતે જિનેન્દ્રાય, જલાદિકં યજામહે સ્વાહા

॥ ઈતિ ષષ્ઠમ પૂજાભિષેકે ઉત્તરપૂજા ૫૪ સંપૂર્ણ ॥

## સપ્તમ પૂજા

### ભૂમિકા

બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથ પ્રભુ સાથેની અવિહડપ્રીત એવી બંધાઈ ગયેલ છે કે હવે જો એક ક્ષણ માત્ર માટે પણ મનથી પ્રભુનું વિસ્મરણ થાય તો અમારા પ્રાણ આ નશ્વરદેહ છોડી પ્રભુના ચરણોમાં ચાલ્યા જશે, બસ ! હવે તો આ પ્રાણને દેહમાં ટકાવનાર માત્ર ને માત્ર અમારા નેમિપ્રભુ છે તેના થકી જ અમારૂં જીવન છે તેવા ભાવો આ પૂજામાં વ્યક્ત કરેલ છે.

નેમિપ્રભુ/ગિરનારની ભક્તિ કરતાં કરતાં હરિ એટલે કે કૃષ્ણમહારાજા પણ તીર્થંકરનામકર્મ નિકાચિત કરી આગામી ચોવીસીમાં આ જ ભરતક્ષેત્ર ઉપર બારમા તીર્થંકર અમમ સ્વામિ તરીકેનું પદ પામશે.

સમતારસનું સતત અમૃતપાન કરાવતો, ધીરગંભીર એવા અનેક ગુણોના સમંદરરૂપી ગિરનાર અને તેના ઉત્તુંગશિખરે બિરાજમાન શ્રી નેમિપ્રભુનું હરપલ અને હરક્ષણ સુતા-જાગતા નિશદિન અવિરતપણે ધ્યાન ધરીએ છીએ.

આ નેમિપ્રભુએ અસીમકૃપા કરીને દુર્લભ એવા માનવભવ, સોહામણા સંયમજીવન અને ગૌરવશાળી ગિરનારનું સાંનિધ્ય પ્રાપ્ત કરાવેલ છે. તે પ્રભુના આ ઉપકારનો બદલો સંપૂર્ણતયા વાળવાનું મારા જેવા પામર જીવ માટે તો અસંભવ છે તેવું જણાવીને રચનાકાર કહે છે કે આ ઉપકારોની યત્કિંચિત્ ઋણમુક્તિ માટે મેં તો અતિમૂલ્યવાન એવા મારા મનરૂપી માણેકને આપના ચરણકમલમાં ગિરવે મૂકી દીધું છે. પણ પ્રભુ ! આ શું ? જ્યાં એક તરફ આપના અનહદ ઉપકારોમાંથી અંશમાત્ર પણ મુક્ત થવા

પ્રયત્ન કરું છું ત્યાં તો બીજી તરફ આપ કૃપાળુ ! કરૂણાસાગરે મારા ઉપર પ્રેમરસની હેલી વરસાવીને મારા માથે ચઢેલા ઉપકારોના બોજામાં ધરખમ વધારો કરી દીધો છે. હે દેવાધિદેવ ! પાંગળો એવો હું હવે આપના આ મહોપકારનો બદલો શી રીતે વાળી શકીશ? તેની કાંઈ સમજ પડતી નથી. બસ ! હવે તો આપના પ્રત્યે દઢશ્રદ્ધા પ્રગટ થઈ ગઈ છે કે આ બાળના આત્માનો ઉદ્ધાર માત્ર ને માત્ર આપના થકી જ થવાનો છે.

અંતે ખૂબ સરસ ભાવો પ્રગટ કરતાં કહે છે કે, “ હે પ્રભુ ! આપ તો કરૂણારસના ભંડાર છો ! આપના નયનોમાંથી તો કરૂણારસનો ધોધ અનરાધાર વરસી રહ્યો છે. હવે એક જ અરમાન છે કે આપના કરૂણાસભર નેત્રોની છબી (પ્રતિબિંબ) જો મારા હૃદયરૂપી દર્પણમાં આવી જાય તો બસ ! હંમેશા આપના નેત્રયુગલમાંથી અવિરતપણે ઝરતાં કરૂણારસના સ્રોતને ઝીલતા ઝીલતા મારા આતમરામને નિશદિન ભીંજવતો રહું ”.

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

:: દુહો ::

ગિરનાર ગિરિનો રાજીયો, નેમિ નિરંજન જોય; તન મન આતમનો ધણી, દૂજો ન હોવે કોય.

:: ઢાળ ::

<u>(રાગ : મેરો પ્રભુ પારસનાથ આધાર)</u>

મેરો પ્રભુ, નેમ તું પ્રાણ આધાર, વિસરું જો પ્રભુ એક ઘડી તો,
પ્રાણ રહે ના હમાર ॥ ૧ ॥

ભોગ ત્યજીને જોગ લેવાને, નીકળ્યા નેમકુમાર,
ગઢ ગિરનારને ઘાટે વસિયા, બ્રહ્મચારી શિરદાર ॥ ૨ ॥

તુજ તીરથની ભક્તિ કરતાં, થાય હરિ એક તાર;
પદ તીર્થંકર કરે નિકાચિત, અકલ તુજ ઉપગાર ॥ ૩ ॥

સમતારસ ભરીયો ગુણ દરિયો, નેમનાથ ગિરનાર;
સુતા જાગતા ધ્યાવું નિશદિન, શ્વાસમાંહિ સોવાર ॥ ૪ ॥

મન માણિકકું સોંપ્યું મેં તો, મનમોહનને ઉધાર;
પ્રેમ વ્યાજ ચઢ્યો છે ઇતનો, કિમ છૂટશે કિરતાર ॥ ૫ ॥

હારું નહિ તુજ બલ થકીજી, સિદ્ધસુખ દાતાર;
શ્રદ્ધા ભરી છે એક હૃદયમાં, તુજથી પામીશ પાર ॥ ૬ ॥

'આનંદઘરગિરિ' 'સુખદાયી', 'ભવ્યાનંદ' મનોહાર;
'પરમાનંદગિરિ' 'ઇષ્ટસિદ્ધિગિરિ', 'રામાનંદ' જયકાર ॥ ૭ ॥

'ભવ્યાકર્ષણગિરિ' 'દુઃખહરગિરિ', 'શિવાનંદ' સુખકાર;
જગનાયક નેમિનાથ કહાવે, ગિરિનાયક શણગાર ॥ ૮ ॥

શામળિયાકું અખિયન જાણે, કરૂણારસ ભંડાર;
હેમવદે પ્રભુ તુજ અખિયનકું, દીયો છબી અવતાર ॥ ૯ ॥

જય ગિરનારજી

જય નેમિનાથજી

॥ १८२ ॥

(કાવ્યમ્-અનુષ્ટુપ)

અનંતમહિમાવન્તં, દીક્ષાકેવલ સિદ્ધિદં; સદા કલ્યાણકૈઃ પૂતં, વન્દે તં રૈવતાચલં.

(અથમંત્ર)

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય,
શ્રીમતે જિનેન્દ્રાય, જલાદિકં યજામહે સ્વાહા

॥ ઇતિ સપ્તમ પૂજાભિષેકે ઉત્તરપૂજા ૬૩ સંપૂર્ણ ॥

## અષ્ટમ પૂજા

### ભૂમિકા

આ પૂજામાં ભવભ્રમણના દુઃખોથી છૂટવા બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ પરમાત્માને વિનંતી કરવામાં આવે છે કે પ્રભુ! હવે મને આ ભવદુઃખડાથી બચાવો! હવે તો આ ગિરનાર ગિરિવર એક જ સહારો હોવાનો મને અહેસાસ થાય છે.

ગિરનાર ગિરિવરના સ્મરણ અને સેવન થકી અનેક પુણ્યાત્માઓ શિવસુખના સ્વામિ બની ચૂકયા છે તેમાં જૈનધર્મને પામેલી અંબિકા, અતિહિંસક અને મિથ્યાત્વી ગોમેધ બ્રાહ્મણ, અતિદુઃખી અને દરિદ્ર અશોકચન્દ્રની વાતનો ઉલ્લેખ અહીં કરવામાં આવેલ છે.

અંતે પરમાત્માના પાદકમલમાં રહીને ભમરાની મફક અમૃતથી પણ અતિમીઠા એવા પ્રભુના પ્રેમરસનું પાન રચનાકાર કરી રહ્યા છે તેવું વર્ણન કરવામાં આવેલ છે.

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

:: દુહો ::

ગોમેધયક્ષ મા અંબિકા, વિઘ્ન નિવારણહાર; અહોનિશ ભકિત ભાવથી, તીર્થતણી કરે સાર.

:: ઢાળ ::

(રાગ : બાપલડાં રે પાતિકડાં...)

તારો તારો નેમિનાથ મને તારો, ભવના દુઃખડાં વારો રે;
માહરે મન ગિરનાર ગિરિવર, જાણો એક સહારો રે ... ॥ ૧ ॥

જૈનધર્મી અંબિકા પરણી, બ્રાહ્મણ કુલે જાવે રે;
સાધુને પડિલાભી હરખે, પુન્ય પોટલીયાં પાવે રે... ॥ ૨ ॥

કટુ વચન સાસુના સૂણીને, સુતદોય લેઈ ઘર છોડી રે;
ગિરનાર-નેમિનાથ રટતાં-રટતાં, પડે કૂવે કરજોડી રે... ॥ ૩ ॥

એમ શુભધ્યાનથી ઉપની ભવને, ગિરિએ નેમ જૂહારે રે;
થાયે શક્ર પ્રભુ પરભાવિકા, શાસન વિઘ્ન નિવારે રે... ॥ ૪ ॥

બ્રાહ્મણ અતિહિંસક મિથ્યાત્વી, અતિ વ્યાધિએ વ્યાપતો રે;
ગિરનારગિરિનું શરણું પામી, યક્ષ ગોમેધએ થાતો રે... ॥ ૫ ॥

અશોકચન્દ્ર દુઃખી દારિદ્રી, ગિરનારે તપ તપતો રે;
આપે અંબિકા પારસમણિ, રાજરિદ્ધિમાં એ રમતો રે... ॥ ૬ ॥

સંઘસહિત રૈવતગિરિ આવે, લેઇ દીક્ષા પ્રભુ ધ્યાવે રે;
ઘાતીઅઘાતી કર્મો ખપાવે, શિવસુંદરીને પાવે રે... ॥ ૭ ॥

'ઉજ્જ્વલ' 'આનંદ' 'તીર્થોત્તમગિરિ', 'મહેશ્વર' 'રમ્ય' જાણો રે;
'બોધિદાય' 'મહોદ્યોત' 'અનુત્તર', 'પ્રશમગિરિ' ને વખાણો રે... ॥ ૮ ॥

અમૃતથી અતિમીઠો પ્રભુનો, પ્રેમનો પ્યાલો પીધો રે;
હેમવલ્લભ પ્રભુ પાદપદ્મે, ભ્રમર પરે રસ લીધો રે... ॥ ૯ ॥

(કાવ્યમ્-અનુષ્ટુપ)

અનંતમહિમાવન્તં, દીક્ષાકેવલ સિદ્ધિદં; સદા કલ્યાણકૈઃ પૂતં, વન્દે તં રૈવતાચલં.

(અથમંત્ર)

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય,
શ્રીમતે જિનેન્દ્રાય, જલાદિકં યજામહે સ્વાહા

॥ ઇતિ અષ્ટમ પૂજાભિષેકે ઉત્તરપૂજા ૭૨ સંપૂર્ણ ॥

## નવમ પૂજા

### ભૂમિકા

આ પૂજામાં બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ પ્રભુ સાથે પોતાના સ્નેહભાવને વર્ણવીને ગિરનાર ગિરિવર ઉપર થયેલા પ્રભુના દીક્ષા કલ્યાણક, સાધનાકાળ, કેવળજ્ઞાન કલ્યાણક અને મોક્ષ કલ્યાણક અવસરની વાતો ખૂબજ સરળ અને રસપ્રદ શૈલીમાં પ્રસ્તુત કરીને ગાનારના હૃદયકમળ સુધી પહોંચવાનો સફળ પ્રયોગ કરવામાં આવેલ છે. સાથે સાથે દરેક કલ્યાણકઅવસરના દૃશ્યને આકાર આપવામાં આવેલ છે.

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

:: દુહો ::

દીક્ષા કેવલ સહસાવને, પંચમે ગઢ નિર્વાણ; પાવનભૂમિને ફરસતા, જનમ સફળ થયો જાણ.

:: ઢાળ ::

(રાગ : નિરખ્યો નેમિ જિણંદને...)

તુમ સરીખો દીઠો નહિં મન મોહન મેરે, જગમાં દેવ દયાળ રે સુણ શામળ પ્યારે,
પશુ તણો પોકાર સુણી મન મોહન મેરે, છોડ ચલે રાજુલનાર રે સુણ શામળ પ્યારે ॥ ૧ ॥

દીન દુખીયા સુખીયા કીધા મન મોહન મેરે, ધન દોલત વરસીદાન રે સુણ શામળ પ્યારે,
રૈવતગિરિ સહસાવને મન મોહન મેરે, સહસ પુરુષ સંગાથ રે સુણ શામળ પ્યારે ॥ ૨ ॥

જય ગિરનારજી

અજુઆલી શ્રાવણ છટ્ઠે મન મોહન મેરે, સજે સંજમ શણગાર રે સુણ શામળ પ્યારે,
દિન ચોપન કરી સાધના મન મોહન મેરે, કરે પાવનગઢગિરનાર રે સુણ શામળ પ્યારે ॥ ૩ ॥

ભાદ્રવદી અમાસના મન મોહન મેરે, બાળે ઘાતી તમામ રે સુણ શામળ પ્યારે,
સમવસરણ સુરવર રચે મન મોહન મેરે, ચોત્રીસ અતિશય તામ રે સુણ શામળ પ્યારે ॥ ૪ ॥

ત્રિભુવન તારક પદ લહી મન મોહન મેરે, કરે જગત ઉપકાર રે સુણ શામળ પ્યારે,
મધુરગીરા જિનવર સુણી મન મોહન મેરે, ભવતરીયા નરનાર રે સુણ શામળ પ્યારે ॥ ૫ ॥

પંચમશિખર ગિરનારે મન મોહન મેરે, પાંચશો છત્રીસ સાથ રે સુણ શામળ પ્યારે,
અષાઢ સુદ આઠમ દિને મન મોહન મેરે, સોહે શિવવધૂ સંગાથ રે સુણ શામળ પ્યારે ॥ ૬ ॥

'મોહભંજક' 'પરમાર્થગિરિ' મન મોહન મેરે, 'શિવ સ્વરૂપ' વખાણ રે સુણ શામળ પ્યારે,
'લલિતગિરિ' 'અમૃતગિરિ' મન મોહન મેરે, 'દુર્ગતિવારણ' જાણ રે સુણ શામળ પ્યારે ॥ ૭ ॥

'કર્મક્ષાયક' 'અજેયગિરિ' મન મોહન મેરે, 'સત્ત્વદાયક ગિરિ' જોય રે સુણ શામળ પ્યારે,
ગુણ અનંત એ ગિરિતણા મન મોહન મેરે, પાર ન પામે કોય રે સુણ શામળ પ્યારે ॥ ૮ ॥

નેમિનિરંજન સાહિબો મન મોહન મેરે, બીજો ન આવે દાય રે સુણ શામળ પ્યારે,
કૃપા નજર પ્રભુ તાહરી મન મોહન મેરે, હેમને શિવસુખ થાય રે સુણ શામળ પ્યારે ॥ ૯ ॥

(કાવ્યમ્-અનુષ્ટુપ)

અનંતમહિમાવન્તં, દીક્ષાકેવલ સિદ્ધિદં; સદા કલ્યાણકૈ: પૂતં, વન્દે તં રૈવતાચલં.

(અથમંત્ર)

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેન્દ્રાય, જલાદિકં યજામહે સ્વાહા

॥ ઈતિ નવમ પૂજાભિષેકે ઉત્તરપૂજા ૮૧ સંપૂર્ણ ॥

## દશમ પૂજા

### ભૂમિકા

આ પૂજામાં જગપ્રસિદ્ધ એવા આ ગઢગિરનારના આલંબનથી તથા તેના પરમ સાંનિધ્યમાં રહીને કેટલાય આત્માઓ સામાન્ય કેવલીપણાને અથવા તીર્થંકરપદને પામીને આ ભવસાગરને પેલેપાર પરમપદ પામી ચૂક્યા છે તેનું પ્રરૂપણ કરવામાં આવેલ છે. જેમ જેમ એ ગિરિનું સેવન કરવામાં આવે તેમ તેમ કર્મક્ષય થતો જાય છે તેમ કહી અત્યાર સુધીમાં આ ગિરિવરમાં વસવાટ કરવા માત્રથી અનંતા ત્રસ-સ્થાવર તિર્યંચ આત્માઓ પણ મુક્તિપુરી તરફ પ્રયાણ કરી ચૂક્યા છે તેમ કહેવામાં આવે છે.

વર્તમાન ચોવીસીમાં નેમિપ્રભુના દીક્ષા-કેવળ અને મોક્ષ કલ્યાણક, ગતચોવીસીમાં આઠ પરમાત્માના દીક્ષા-કેવળ અને મોક્ષ કલ્યાણક અને બે પરમાત્માના માત્ર મોક્ષ કલ્યાણક થયા છે, આગામી ચોવીસીમાં ચોવીસે ચોવીસ પ્રભુના મોક્ષ કલ્યાણક અને બે પ્રભુના દીક્ષા-કેવળ કલ્યાણક થશે,

હાલ પર્યંત અનંતા તીર્થંકર પરમાત્માના દીક્ષા-કેવળ અને મોક્ષ કલ્યાણક આ પાવનભૂમિ ઉપર થઈ ચૂકયા છે.

અરે ! નેમિપ્રભુના શાસનના ૧, દેવકી (આવતી ચોવીસીમાં અગ્યારમા શ્રી મુનિસુવ્રત સ્વામિ ભગવાન) ૨, કૃષ્ણ (આવતી ચોવીસીમાં બારમા શ્રી અમમસ્વામિ ભગવાન) ૩, રોહિણી-બલભદ્રના માતા (આવતી ચોવીસીમાં સોળમા શ્રી ચિત્રગુપ્ત પરમાત્મા) ૪, શતાલી શ્રાવક (આવતી ચોવીસીમાં અઢારમા શ્રી સંવર પરમાત્મા) ૫, દ્વૈપાયન ઋષિ (આવતી ચોવીસીમાં ઓગણીસમા શ્રી યશોધર પરમાત્મા) ૬, કર્ણ (આવતી ચોવીસીમાં વીસમા શ્રી વિજય પરમાત્મા)

આ ઉપરાંત અન્ય ચાર આત્માઓના નામોના મતાંતરોનો ઉલ્લેખ અનેક આગમ ગ્રંથોમાં આવે છે તેવું સ્પષ્ટ માર્ગદર્શન ''શ્રી દીપાલિકા કલ્પ'' ગ્રંથ દ્વારા મળે છે.

આ પુણ્યાત્માઓએ ગિરનાર અને નેમિપ્રભુની ભક્તિ દ્વારા જિનનામકર્મ નિકાચિત કર્યું છે અને આવતી ચોવીસીમાં આ જ ભરતક્ષેત્રની ભોમકા ઉપર તીર્થંકરપણાને પ્રાપ્ત કરી આ જ ગિરનાર ગિરિવર ઉપરથી મોક્ષે પધારશે.

સહસાવનમાં રાજીમતીજી, રહનેમિ આદિ અનેક દીક્ષા-કેવળ અને મુક્તિ પામ્યા છે. ગિરનાર ગિરિવર દીક્ષાનો દાતાર હોવાથી ગજસુકુમાલ મુનિ, સુમુખાદિ પંદરકુમાર, નિષધ-સારણાદિ કુમારો, સમુદ્રવિજય-શિવામાતા, કૃષ્ણના સાત ભાઈઓ, કૃષ્ણની રુક્મણી આદિ રાણીઓ વગેરે અનેક આત્માઓને ચારિત્રરત્નનું ઉદાર હૈયે દાન કરેલ છે. અનંતા આત્માઓને ભવ પાર ઉતાર્યા છે. તેથી હે ભવ્યજનો ! આ ગરવાગઢ ગિરનારનું નિત્ય ધ્યાન કરો ! એવો સંદેશ આપવામાં આવેલ છે.

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

:: દુહો ::

વ્રત નાણ નિર્વાણપદ, પામ્યા જિન અનંત; અન્ય અનંતજિન શિવવર્યા, ગિરનાર કલ્પ વદંત.

:: ઢાળ ::

(રાગ : ધન ધન શ્રી અરિહંતને રે...)

ધન ધન શ્રી ગિરનારને રે, તાર્યા અરિહા અનંત સલૂણા;
એ ગિરિવરને ફરસતા રે, આતમ નિર્મલ થાય સલૂણા ॥ ૧ ॥

જિમ જિમ એ ગિરિ સેવીએ રે, તિમ તિમ કર્મ ખપાય સલૂણા;
ત્રસ થાવર તસ વાસથી રે, પામે શિવપદ પંથ સલૂણા ॥ ૨ ॥

ત્રિકલ્યાણક ભૂતકાળમાં રે, અનંતા જિન ગિરનાર સલૂણા;
વળી અનંતા પ્રભુ પામીયા રે, નિર્વાણપદ ગિરનાર સલૂણા ॥ ૩ ॥

ગત ચોવીસીમાં ત્રણ થયા રે, નેમીશ્વર આદિ અડના સલૂણા;
અન્ય બે જિનવર લહે રે, મોક્ષગમન ગિરનાર સલૂણા ॥ ૪ ॥

અનંતવીર્ય ભદ્રકૃત્ના રે, દીક્ષા-નાણ-નિર્વાણ સલૂણા;
શેષ બાવીસ જિન પામશે રે, મુક્તિપદ બહુમાન સલૂણા ॥ ૫ ॥

સહસાવનમાં રાજીમતી રે, રથનેમિ વરે જ્ઞાન સલૂણા;
કૃષ્ણકેરા સપ્ત બાંધવા રે, રુકમણી સહ અણગાર સલૂણા ॥ ૬ ॥

ગજસુકુમાલ મુણિંદનું રે, વ્રત-નાણ ને નિર્વાણ સલૂણા;
સુમુખાદિ પંદર ગ્રહે રે, સંસાર છેદક વ્રત સલૂણા ॥ ૭ ॥

સમુદ્રવિજય શિવામાતને રે, વિરતિ કેરું વરદાન સલૂણા;
નિષધ સારણાદિ કુમારને રે, ચારિત્ર મળે ગિરનાર સલૂણા ॥ ૮ ॥

દીક્ષા જ્ઞાન શિવદાનથી રે, તાર્યા અનંત ભવપાર સલૂણા;
'વિરતી' 'વ્રત' 'સંયમ'ગિરિ રે, 'સર્વજ્ઞ' 'કેવલ' 'જ્ઞાન' સલૂણા ॥ ૯ ॥

'નિર્વાણ' 'તારક' 'શિવ'ગિરિ રે, સેવતાં હેમ હોવે પાર સલૂણા;
ઈણ કારણ ભવિપ્રાણીયા રે, નિત્ય ધ્યાવો ગિરનાર સલૂણા ॥ ૧૦ ॥

(કાવ્યમ્-અનુષ્ટુપ)

અનંતમહિમાવન્તં, દીક્ષાકેવલ સિદ્ધિદં; સદા કલ્યાણકૈઃ પૂતં, વન્દે તં રૈવતાચલં.

(અથમંત્ર)

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેન્દ્રાય, જલાદિકં યજામહે સ્વાહા

॥ ઈતિ દશમ પૂજાભિષેકે ઉત્તરપૂજા ૯૦ સંપૂર્ણ ॥

## એકાદશ પૂજા

### ભૂમિકા

આ પૂજામાં ગરવા ગઢ ગિરનારના મહિમાની અનેક વાતોને સંક્ષિપ્તમાં વર્ણવવામાં આવેલ છે.

‘‘ વસ્તુપાળ ચરિત્ર ’’ ગ્રંથમાં તો જગપ્રસિદ્ધ એવા બે મહાતીર્થ શત્રુંજય અને ગિરનારની યાત્રાના એક સરખા ફળ કહેવામાં આવેલ છે. શત્રુંજય મહાતીર્થના ૧૦૮ શિખર પૈકી આ રૈવતગિરિ એટલે કે ગિરનાર મહાતીર્થ તે પાંચમું શિખર છે જે પંચમજ્ઞાન એટલે કે કેવળજ્ઞાનનો દાતા છે.

આ ગિરિવરના સ્પર્શમાત્રથી ઘોરપાપીઓના પાપ અને કુષ્ઠાદિ અનેક રોગીઓના રોગનો નાશ થાય છે. આવા અચિન્ત્ય મહિમાને જાણીને લેશમાત્ર પણ બુદ્ધિનો ઉપયોગ કર્યા વગર માત્રને માત્ર શુદ્ધભાવપૂર્વક આ ગિરિને નમન કરતાં રચનાકાર લખે છે કે આ અચિન્ત્ય મહિમાવંત ગિરનારના સંપૂર્ણગુણોને જાણવા હું અસમર્થ હોવા છતાં મારા પૂર્વભવોના કોઇ પ્રચંડ પુણ્યના ઉદયથી આ ગિરિનું પરમસાંનિધ્ય પામ્યો છું તેથી દેવાધિદેવ નેમિનાથ પરમાત્મા અને ગિરનાર ગિરિવર પ્રત્યેની અનહદ લાગણીના પ્રભાવે મારો આતમરામ ભક્તિના રંગે રંગાયેલ છે. બસ ! હવે અનિમેષ નયને આ નેમ નગીનાને નિરખતાં આ નયણા કદિ તૃપ્ત થતાં નથી.

આવા મહામહિમાવંત ગિરિની ભક્તિકાજે તન-મન-જીવન કુરબાન કરી શહીદ થવાની તૈયારીના ભાવો પ્રગટ કરવાપૂર્વક આ પૂજાની પૂર્ણાહુતિ કરવામાં આવે છે.

જય ગિરનારજી

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

:: દુહો ::

ગિરિના ધ્યાન થકી સૌ, પામશું ભવનો અંત; એહ હરખ ઉરમાં ધરી, રૈવતગિરિને ભજંત.

:: ઢાળ ::

(રાગ : જિણંદા પ્યારા મુણિંદા પ્યારા...)

રૈવત પ્યારો, ઉજ્જયંત પ્યારો, દેખો રે ગઢ ગિરનાર;
દેખો રે નેમિનાથ પ્યારો;

શત્રુંજય સમો રૈવત મહિમા, શાસ્ત્ર વયણ પ્રમાણ... ॥૧॥

એ ગિરિ પંચમ નાણનો દાતા, પંચમ શિખર વખાણ... ॥૨॥

ઘોર પાપ કુષ્ઠાદિક રોગો, રૈવત ફરશે પલાય... ॥૩॥

ઇણ તીરથ આરાધન કરતાં, ક્રોડગણુ ફલ થાય... ॥૪॥

મહિમા મોટો એ ગિરિવરનો, પાર કદિ ન પમાય... ॥૫॥

બુદ્ધિનો લવલેશ ન મુજમાં, ભાવથી નમું ગિરિરાય... ॥૬॥

જય નેમિનાથજી

આજ લગી શાશ્વતગિરિવરના, જાણ્યા ન ગુણ અપાર... ॥ ૭ ॥

પૂરવ પુણ્ય પસાયે પામ્યો, હાથ ન છોડું લગાર... ॥ ૮ ॥

નેમિ નિરંજન ગિરિ પ્રીતે, આતમરામ રંગાય... ॥ ૯ ॥

નિરખી નિરખી નેમ નગીનો, નયણા કદિ ન ધરાય... ॥ ૧૦ ॥

'હંસગિરિ' 'વિવેકગિરિવર', સુણતાં ચિત્ત હરાય... ॥ ૧૧ ॥

'મુક્તિરાજ' 'મણિકાન્ત' 'મહાયશ', 'અવ્યાબાધ' સુહાય... ॥ ૧૨ ॥

'જગતારણ' 'વિલાસ' 'અગમ્ય', નામથી પરમ નિધાન... ॥ ૧૩ ॥

હેમવદે ગિરિભક્તિ કાજે, તન મન મુજ કુરબાન... ॥ ૧૪ ॥

(કાવ્યમ્-અનુષ્ટુપ)

અનંતમહિમાવન્તં, દીક્ષાકેવલ સિદ્ધિદં; સદા કલ્યાણકૈઃ પૂતં, વન્દે તં રૈવતાચલં.

(અથમંત્ર)

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેન્દ્રાય, જલાદિકં યજામહે સ્વાહા

॥ ઈતિ એકાદશ પૂજાભિષેકે ઉત્તરપૂજા ૯૯ સંપૂર્ણ ॥

## કળશ

(રાગ : ધનાશ્રી)

ગાયો ગાયો રે ગિરનાર નેમિનાથ ગાયો ગિરિગુણ કો દરિસણથી મેરો, મોહ ભરમ મીટાયો;
શ્રુતસાગર અવગાહન કરતાં, ગિરિગુણ રતન નિપાયો રે...

ગિરિમહિમા ગિરિભક્તિ-વિધિથી, ગિરિ ઉદ્ધાર ગુણ ગાયો,
ક્ષેત્ર તણો એ મહિમા મોટો, શબ્દે કદિ ન સમાયો રે...

પૂજા રચી ગિરિભાવે ગાતાં, નયણે નીર ઝરાયો;
ગોમેધ સિદ્દચંબિકા પ્રભાવે, કાર્ય સવિ નિપજાયો રે...

તપાસૂરિ દાન-પ્રેમ સાશ્રાજ્યે, હિમાંશુ ભાનુ સુપસાયો;
ગચ્છીપતિ જયઘોષસૂરિકો, દીપે તેજ સવાયો રે...

પ્રેમસૂરિ શિષ્ય ચન્દ્રશેખર કે ચરણે શીશ ઝુકાયો;
ધર્મકૃપાસે ગિરિગુણ ગાતાં, વલ્લભ પદમેં પાયો રે...

દોય સહસ દર્શનગુણ સાલે, ધૂલેટી દિન સુહાયો,
હેમ બન્યો પ્રભુ ચરણ પસાયે, આતમ અનુભવ રસીયો રે...

અહીં પૂર્ણાહુતિ વિધિ પાના નં. ૧૦૭થી ૧૨૨ પ્રમાણે કરવી.

જય ગિરનારજી

ઇતિ જિનશાસન તપાગચ્છ મધ્યે

પ.પૂ. આ. વિજયાનંદ-કમલ-વીર-દાનસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન

સિદ્ધાંત મહોદધિ, કર્મસાહિત્ય નિષ્ણાંત, સચ્ચારિત્રચૂડામણિ

પ.પૂ. આ. પ્રેમસૂરીશ્વરજી મહારાજાનાં શિષ્યરત્ન ન્યાયવિશારદ

પ.પૂ. આ. ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર સિદ્ધાંતદિવાકર

પ.પૂ. આ. જયઘોષસૂરીશ્વરજી મહારાજાના પુણ્યપ્રભાવે

પ.પૂ. આ. પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન શાસનપ્રભાવક, યુગપ્રધાન આચાર્યસમ

પ.પૂ. પંન્યાસ ચન્દ્રશેખર વિજયજી ગણિવર્યના શિષ્ય પ.પૂ. પંન્યાસ ધર્મરક્ષિત વિજય ગણિવર્ય આદિ પૂજ્યોના

શુભાશિષપૂર્વક તસ શિષ્ય પ.પૂ. પંન્યાસ હેમવલ્લભ વિજય ગણિવર્યકૃત્

શ્રી ગિરનારજી મહાતીર્થ નવ્વાણું પ્રકારી પૂજા

સહસાવન તીર્થોદ્ધારક

પ.પૂ. આ. હિમાંશુસૂરીશ્વરજી મહારાજા તથા

ગિરનાર તીર્થાધિષ્ઠાયિકા સિદ્ધ્યંબિકાના

દિવ્યપ્રભાવથી ગિરનાર તળેટી મધ્યે વિ.સ. ૨૦૬૭ ના

ધૂળેટી દિને સમાપ્ત.

જય નેમિનાથજી

જય ગિરનારજી

વિ.સં. ૨૦૬૭ અખાત્રીજના શુભદિને ગિરનારજી
મહાતીર્થ જયતળેટી મધ્યે
સર્વપ્રથમવાર આ પૂજા ખૂબ ધામધૂમપૂર્વક
પ.પૂ.પંન્યાસ ધર્મરક્ષિત વિજય ગણિવર્ય તથા
પ.પૂ.પંન્યાસ હેમવલ્લભ વિજય ગણિવર્યની
પાવનનિશ્રામાં ભણાવવામાં આવેલ છે.

**શુભમ્ ભવતુ**

જય નેમિનાથજી

જય ગિરનારજી

## શ્રી નેમિભક્તામર મહાપૂજન માટે સામગ્રીની યાદિ

| | | | | | |
|---|---|---|---|---|---|
| શ્રી કંકુ | - ૨૫ ગ્રામ | ગુલાબનું અત્તર | - ૧ નાની | **ગાંધીને ત્યાંથી મળતો સામાન** | |
| કેસર | - ૧ ગ્રામ | | શીશી | શ્રીફળ | - ૫૧ નંગ |
| બરાસ | - ૨૦ ગ્રામ | ડોલરનું અત્તર | - ૧ નાની | સોપારી | - ૫૧ નંગ |
| વાસક્ષેપ | - ૧૦૦ ગ્રામ | | શીશી | પતાસા | - ૫૧ નંગ |
| દશાંગધૂપ | - ૧૫૦ ગ્રામ | ગુલાબજળ | - ૧ શીશી | ચોખા | - ૧૨ કીલો |
| અગરબત્તી મોટી | - ૧ પેકેટ | કપુરગોટી | - ૫ નંગ | ઘઉં | - ૩ કીલો |
| સોનેરી બાદલુ | - ૫ ગ્રામ | તીર્થજળ | - ૧ શીશી | ચણાદાળ | - ૩ કીલો |
| ચાંદીના વરખ | - ૧૦ થોકડી | સોન-રૂપાના ફુલ | - ૧૦ ગ્રામ | મગ | - ૩ કીલો |
| પંચરત્નની પોટલી | - ૨ નંગ | રક્ષાપોટલી | - જરૂર | અડદ | - ૩ કીલો |
| નાડાછડી | - ૪ દડી | | મુજબ | ગાયનું ઘી | - ૪ કીલો |
| ચમેલીનું તેલ | - ૧ નાની | સાકરનો ભૂક્કો | - ૧૦૦ ગ્રામ | રૂ-પુણીનું બંડલ | - ૧ નંગ |
| | શીશી | બદામ | - ૫૦ | દીવાની વાટનું પેકેટ | - ૧ |
| સુખડનું અત્તર | - ૧ નાની | કાચનાગ્લાસ | - ૫૦ નંગ | બાકસ | - ૨ નંગ |
| | શીશી | કલર | - ૪ જાતનાં | દીવા | - ૮૦ નંગ |

જય નેમિનાથજી

**કાપડ**

મલમલ - ૩ મીટર
ખાદી - ૧ મીટર
લાલકસુંબલ - ૫ મીટર
નેપકીન - ૪ નંગ
લીલું સાટીન -૦)) મીટર

**નૈવેદ્ય**

પેંડા - ૫૧ નંગ
બરફી - ૧૫ નંગ
સાટા (ગલેફા) - ૧૫ નંગ
મેસુર - ૧૫ નંગ
લાડુ - ૧૫ નંગ
મોહન થાળ - ૧૫ નંગ

**ફળ**

લીલાશ્રીફળ - ૪ નંગ
દાડમ - ૧૫ નંગ
મોસંબી - ૧૫ નંગ
સફરજન - ૧૫ નંગ
ચીકુ - ૧૫ નંગ
પાકાપપૈયા - ૨ નંગ
નાગરવેલના પાન - ૫૫ નંગ

**ફુલ**

ગુલાબના ફુલ - ૧૦૦ નંગ
ડમરો - ૨૫૦ ગ્રામ
નરગીશ - ૧ જુડી
હાર - ૧૦ નંગ

**આસોપાલવ દેરાસર શણગારવા માટે**

ગાયનું દુધ - ૩ લિટર
દહીં - ૧ વાટકી
રોકડા રૂપિયા - ૧૦૦ નંગ
પૂજનમાં મૂકવા સોના-રૂપાના ફુલો મંગાવવા

**પૂજનમાટે વાસણાદિની નોંધ**

નેમિભક્તામર યંત્ર અથવા ગિરનારનો પટ
નાળચાવાળો થાળ - ૧
સ્નાત્ર માટે ત્રિગડુ -૧
(ભગવાન + નવપદના ગટ્ટા સાથે)

**સ્નાત્રનો સામાન**

ચામર-દર્પણ-પંખો-ઘંટડી
જર્મનનાં કળશ - ૧૦ નંગ
જર્મનનાં થાળા - ૧૫ નંગ
જર્મનની થાળી - ૧૦ નંગ
જર્મનનાં વાટકા - ૩ નંગ



॥૧૯૯॥

જય ગિરનારજી

જર્મનની વાટકી - ૨૦ નંગ
જર્મનની કુંડી - ૪ નંગ
પીત્તળની ડોલ - ૫ નંગ
ફાનસ ગ્લાસ
સાથે ધુપીયું - ૨
કાંસાની થાળી + દંડ
મોટો બાજોટ - ૧
પાટ - ૨
પાટલા - ૧૦
ઈંઢોણી મોતીની - ૧

અષ્ટમંગલનો ઘડો - ૧
આરતી - મંગળ દીવો - ૧-૧
૧૦૮ દીવાની આરતી - ૧
કાતર - ચપ્પુ -
મલોખા (બોયા) - ૫૦
કટાસણા - ૮ નંગ

**પૂજનનો ક્રમ**

૧. ક્ષેત્રપાલ પૂજન
૨. ગુરૂપાદુકા પૂજન
૩. અધિષ્ઠાયક દેવ-દેવી પૂજન
૪. ૪૪ ગાથાનું પૂજન (શકય હોયતો સજોડે)
૫. દિપક લઈને ઉભા રહેવાનું ૪૪ વખત
૬. શ્રીફળ - નૈવેદ્યની થાળી લઈને ઉભા રહેવું ૪૪ વખત
૭. ૧૦૮ દીવાની આરતી
૮. મંગળદીવો
૯. શાંતિકળશ

જય નેમિનાથજી

જય ગિરનારજી

## શ્રી ગિરનારજી મહાતીર્થ ૧૦૮ નામાભિષેક મહાપૂજન

**૧૦૮ અભિષેક મહાપૂજન માટે સામગ્રીની નોંધ.**

| | |
|---|---|
| કેસર | - ૧ ગ્રામ |
| બરાસ | - ૧૦ ગ્રામ |
| વાસક્ષેપ | - ૧૦૦ ગ્રામ |
| દશાંગધૂપ | - ૧૦૦ ગ્રામ |
| અગરબત્તી મોટી | - ૧ પેકેટ |
| ચાંદીની વરખ | - ૩ થોકડી |
| નાડાછડી | - ૨ દડી |
| ગુલાબઅત્તર | - ૧ શીશી |
| ગુલાબજળ | - ૧ શીશી |
| કપુર ગોટી | - ૨ મોટી |
| સાકરભૂક્કો | - ૧૦૦ ગ્રામ |
| શ્રીફળ | - ૧૫ નંગ |
| સોપારી | - ૨૧ નંગ |
| પતાસા | - ૧૫ નંગ |
| ચોખા | - ૩ કીલો |
| ગાયનું ઘી | - ૨૫૦ ગ્રામ |
| રૂની વાટ | - ૧ પેકેટ |
| બદામ | - ૨૧ નંગ |
| રોકડા રૂપિયા | - ૨૧ નંગ |
| મલમલ કાપડ | - ૪ મીટર |
| ખાદી કાપડ | - ૧ મીટર |
| લાલ કસુંબલ | - ૫ મીટર |
| નેપકીન | - ૩ નંગ |
| લીલી સાટીન | - ૦)) મીટર |

**ફળ**

| | |
|---|---|
| લીલા શ્રીફળ | - ૨ નંગ |

૧૨ પ્રકારના ૧૦-૧૦ નંગ ફ્રુટ

૧૨ પ્રકારના ૧૦-૧૦ નંગ નૈવેદ્ય

| | |
|---|---|
| ગાયનું દુધ | - ૩ લીટર |
| દહીં | - ૧ વાટકી |

**ફૂલ**

| | |
|---|---|
| ગુલાબ | - ૮૧ નંગ |
| ડમરો | - ૨૫૦ ગ્રામ |
| નરગીશ | - ૧ જુડી |
| હાર | - ૩ નંગ |

આસોપાલવના તોરણ

દેરાસરાદિ શણગારવા

જય નેમિનાથજી

જય ગિરનારજી

## શ્રી ગિરનારજી મહાતીર્થ ૧૦૮ નામાભિષેક મહાપૂજન

વાસણાદિની નોંધ
ત્રિગડુ-સિંહાસન - ૧
(ભગવાન + નવપદના ગટ્ટા સાથે)
સ્નાત્રનો સામાન
ચામર-પંખો-દર્પણ-ઘંટડી
બાજોટ -૧
નાળચાવાળો થાળ- ૧
દીવી સ્ટેન્ડ સાથે - ૧
ફાનસ ગ્લાસ સાથે - ૧
ધૂપીયું - ૧
મલોખા (બોયા) - ૧૦
ઈંઢોણી - ૧
પાટ - ૨

પાટલા - ૧૦
કટાસણા - ૫
જર્મન થાળી મોટી- ૧૦
જર્મન થાળી નાની - ૧૦
કળશ - ૧૦
વાટકી - ૨૦
કુંડી - ૩
પીત્તળની ડોલ - ૩
કાંસાની થાળી- દંડ - ૧
અષ્ટમંગલનો ઘડો - ૧
૧૦૮ દીવાની આરતી મંગળદીવો.

જય નેમિનાથજી

જ ય ગિ ર ના ર જી

# ગિરનાર મહાતીર્થની ૯૯ યાત્રાની વિધિ

શ્રી ગિરનાર મહાતીર્થ જ્યાં પૂર્વે અનંતા તીર્થંકરોના અનંતા કલ્યાણક, વર્તમાન ચોવીશીના બાવીશમા બાલબ્રહ્મચારી નેમનાથ પરમાત્માના દીક્ષા-કેવળજ્ઞાન અને મોક્ષ કલ્યાણક દ્વારા આ પુનિતભૂમિ પાવનકારી બનેલ છે. વળી જ્યાંથી આવતી ચોવીશીના ૨૪ તીર્થંકરો મોક્ષે જવાના છે એવા આ મહાતીર્થની ૯૯ યાત્રાની વિધિ માટે શાસ્ત્રોમાં વિશેષ કોઈ ઉલ્લેખ આવતો નથી. પરંતુ પશ્ચિમ ભારતમાં વર્તમાન ચોવીસીના તીર્થંકરોના માત્ર આ ત્રણ કલ્યાણકો જ થવા પામ્યા હોવાથી તે મહાકલ્યાણકારી ભૂમિના દર્શન-પૂજન અને સ્પર્શ દ્વારા અનેક ભવ્યજનો આત્મકલ્યાણની આરાધનામાં વિશેષ વેગ લાવી શકે તે માટે પુષ્ટ આલંબન સ્વરૂપે ગિરનાર ગિરિવરની ૯૯ યાત્રાઓનું આયોજન કરાય છે.

* વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને નીચે મુજબ યાત્રા કરી શકાય.
* **ગિરનારના પાંચ ચૈત્યવંદન તથા ૯૯ યાત્રાની સમજ :-**

(૧) જયતળેટીમાં

(૨) તળેટીમાં પાંચ પગથિયે નેમિનાથ પરમાત્માની ચરણપાદુકા સન્મુખ. પછી યાત્રા કરી દાદાની પ્રથમ ટુંકે.

જ ય ને મિ ના થ જી

(૩) મૂળનાયક નેમિનાથદાદાના જિનાલયે

(૪) મૂળ દેરાસર પાછળ આદિનાથના દેરાસરે

(૫) અમિઝરા પાર્શ્વનાથનું ચૈત્યવંદન કરવું અથવા નેમિનાથ પરમાત્માના પગલાનું ચૈત્યવંદન કરવું ત્યાંથી સહસાવન (દીક્ષા-કેવળજ્ઞાન કલ્યાણક), અથવા જયતળેટી આવતાં પ્રથમ યાત્રા પૂર્ણ થયેલ કહેવાય. પછી પાછા જયતળેટીથી અથવા સહસાવનથી ઉપર ચડતાં પૂર્વ મુજબ બે ચૈત્યવંદન કરી યાત્રા કરીને દાદાની ટુંકે દર્શન ચૈત્યવંદન કરી નીચે ઉતરતા બીજી યાત્રા થઈ ગણાય. ક્રમશઃ આ મુજબ ૧૦૮ વખત દાદાની ટૂંકની સ્પર્શના કરવી આવશ્યક છે.

*** નિત્ય આરાધના :**

(૧) ઉભયટંક પ્રતિક્રમણ.

(૨) જિનપૂજા તથા ઓછામાં ઓછું એક વખત દાદાનું દેવવંદન.

(૩) ઓછામાં ઓછું એકાસણાનું પચ્ચક્ખાણ.

(૪) ભૂમિ સંથારો.

(૫) દરેક યાત્રામાં મૂળનાયકની ૩ પ્રદક્ષિણા.

(૬) **"ઉજ્જિંત સેલસિહરે દીક્ખા નાણં નિસીહિઆ જસ્સ, તં ધમ્મ ચક્કવટ્ટીં અરિટ્ઠનેમિં નમંસામિ"** અથવા **"ૐ હ્રીં શ્રી નેમિનાથાય નમઃ"**ની ૨૦ નવકારવાળી.

(૭) "શ્રી રૈવતગિરિ મહાતીર્થ આરાધનાર્થં..." ૯ લોગસ્સ સંપૂર્ણનો કાઉસ્સગ્ગ.

(૮) ગિરનાર મહાતીર્થના ૯ ખમાસમણાં.

* ૯૯ યાત્રા દરમ્યાન ૧ વખત મૂળનાયક દાદાની ૧૦૮ પ્રદક્ષિણા / ૧૦૮ લોગસ્સનો કાઉસ્સગ્ગ / આખા ગિરનાર ગિરિવરની પ્રદક્ષિણા (લગભગ ૨૮ કી.મી.)
* ૯ વાર પહેલી ટૂંકના દરેક દેરાસરના દર્શન.
* ૧ વાર ચોવિહાર છઠ્ઠ કરીને સાત યાત્રા.
* યાત્રા દરમ્યાન એક વખત ગજપદકુંડના જલથી સ્નાન કરી પરમાત્માની પૂજા કરવી.

## ગિરનાર ગિરિવરની ૯૯ યાત્રા કેવી રીતે કરશો ?

ગિરનારની ૯૯ યાત્રાથી આપ ગભરાઈ ગયા ? તેમાં ગભરાવાની કોઈ જરૂર નથી – હકીકતમાં શત્રુંજયની ૯૯ યાત્રા કરતાં તો ગિરનારની ૯૯ યાત્રા સાવ સરળ છે.

હા ! હા !! તેમાં આશ્ચર્ય પામવાની જરૂર નથી.

* શત્રુંજયની પ્રથમ યાત્રા લગભગ ૩૬૦૦ પગથિયા થાય, ગિરનારની પહેલી યાત્રા લગભગ ૩૮૪૦ પગથિયા થાય.
* શત્રુંજયમાં બીજી યાત્રા માટે ઘેટીપાગના ૨૮૦૦ પગથિયા ઉતરવાના થાય જ્યારે ગિરનારમાં બીજી યાત્રા માટે ૧૦૦૦ પગથિયાના ડીસ્કાઉન્ટ સાથે સહસાવન સુધીના માત્ર ૧૮૦૦ પગથિયા ઉતરવાના થાય.
* શત્રુંજયની ત્રણ યાત્રામાં જેટલા પગથિયા થાય તેનાથી ઓછા પગથિયામાં ગિરનારની તો ચાર યાત્રા થઈ જાય અને શત્રુંજયની ૫ યાત્રા કરતાં જેટલાં પગથિયા થાય તેના કરતા ઓછા પગથિયામાં ગિરનારની ૭ યાત્રા થઈ જાય એટલે ! ગિરનારની ૯૯ યાત્રા ખૂબજ અઘરી છે તેવો જરાપણ ભય ન રાખશો. કોઈ પણ ડર રાખ્યા વગર ગિરનારની આ ૯૯ યાત્રાની અમૂલ્ય તક ચૂકશો નહીં.